# પ્રાર્થના અને ધ્યાન

(તા.૭-૪-૧૪)

(હે પ્રભુ)... જો હું નવીન સાધના કરવાનો પ્રયત્ન કરવામાં આદતને વશ થઈને ડરું, અને તે વસ્તુ વિષે સભાન બન્યા વિના, અકર્મણ્ય ભાવે, ભૂતકાળની.... સાધનાનાં પરિણામો ઉપર મધાર બાંધી સૂવા જતી હોઉં (તો) ? કર્મ કરવા માટે મારી ઉપર ફરજ પાડવી પડે છે અને મારું મૂક ચિંતન અમુક અંશે તંદ્રાગ્રસ્ત હોય છે... એ મને વધુને વધુ સ્પષ્ટપણે જણાઈ આવી રહ્યું છે.

.... હે પ્રભુ, જે કરણને હું તારી સેવામાં મૂકું છું તેની દરિદ્રતા અને મર્યાદા મને ચોખ્ખા દેખાય છે.

... (હે પ્રભુ) એવું ક્યારે બનશે કે હું મારી વ્યક્તિતાને એટલા બધાપૂર્ણ અંશે ભૂલી ગઈ હોઈશ કે જ્યારે હું એક એવું સાધન બની ગઈ હોઈશ કે જે કેવળ તેણે અભિવ્યક્ત કરવાની શક્તિઓ વડે ઘડાએલું હશે ?...

... હવે મને તારો અવાજ સંભળાતો હોય એમ લાગે છે : "તું કદી સર્વાંશે મરી શકી નથી. હંમેશા તારામાંની કોઈ વસ્તુએ જાણવા, જોવા અને સમજવાની કામના રાખી છે. પૂર્ણપણે સમર્પણ કરી દે, કેવી રીતે અલોપ થઈ જવું તે શીખ, મને અને તને વિભક્ત રાખનાર છેલ્લો બંધ તોડી નાખ ;.....



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૩૫ વર્ષ : ૨૦

જુલાઈ - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઓફીસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલીતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવીયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

- માન

માતાજી એક અસીમ - નિરાકાર પ્રકાશમય ચેતનામાં વિલીન થઈ ગયાં હતાં. શાંત, સ્વસ્થ બેસી, મૌન થઈ, એકાંતમાં આ આંતરિકધ્યાનમાં બેસવાથી માતાજીને ગહન શાંતિ, સુખ, અને આનંદની પ્રાપ્તી થતી હતી. માતાજીને એમ જ લાગતું હતું કે તેમને કોઈ સાંસારીક કામ જ ન કરવું પડે. કોઈ તેમની આ ધ્યાનાવસ્થામાં ખલેલ જ ન પાડે. ફક્ત આખો દિવસ આવી પ્રકાશમય ચેતનામાં જ તદાકાર રહીને એક નિવૃત્તિમય જીવન જીવીએ..... બસ... આ સિવાય માતાજીની કોઈ અપેક્ષા રહી નહોતી.

પરંપરાગત યોગો આને સર્વશ્રેષ્ઠ અને અંતિમ કક્ષા કહે છે.

પણ માતાજીને અંદરથી લાગી રહ્યું છે કે આ કાંઈ અંતિમ અવસ્થા નથી. આ સાધનાનો તબક્કો હવે પુરો થઈ ગયો છે અને તેમણે આથી પણ ઉર્ધ્વનાં, વિશાળ તબક્કામાં પ્રવેશવું જરૂરી છે. આ જ તબક્કામાં પડયાં રહેવું એ તો અકર્મણ્યતા છે. તમસ છે, તંદ્રા છે. એક પ્રકારની લાલસા છે. નવીન સાહસ કરવાનો જાણે ડર લાગે છે. આને શાસ્ત્રો 'કષાય' દોષ કહે છે. જે સિદ્ધ કર્યું છે તેમાં જ અટવાઈ જવું. કષાય એટલે કટાઈ જવું. નિષ્ક્રીયતા અને આળસમાં સમયની બરબાદી કરવી. આ સ્થિતિ પણ છોડવી જરૂરી છે. ડર રાખ્યા વગર, સાધનાના આનંદને ત્યાગીને પણ આ કરવું જરૂરી છે.

સતત-વિકાસ માટે જ આપણે જનમ્યાં છીએ. વિકાસમાં સ્થગિતતા, સાધનામાં સ્થગિતતા એટલે કોહવાવું, એટલે વિનાશનાં, પતનનાં, બીજ વાવવા જેવું છે. સતત પ્રગતિનો કોઈ પર્યાય નથી.

માતાજીને પોતાની ભૂલ સમજાઈ રહી છે. માતાજી કહે છે કે સાધનામાં તેમની પ્રગતિ થતી હોવા છતાં તેમની વ્યક્તિતા તો પોતાની પસંદગીઓનો જ આગ્રહ રાખતી હતી. અને તેથી સમગ્ર સત્યને ધારણ કરવામાં તે ટુંકી પડે છે. વ્યક્તિતાની સંકુચિતતા વિશાલ અને અસીમ ચેતનાને ગુંગળામણ પેદા કરે છે. ચેતનાને કોઈ બંધન મંજૂર નથી. તે મુક્ત અને અમર્યાદ રહેવા માગે છે. માતાજી પોતાની વ્યક્તિતા સ્વરૂપ કરણની મર્યાદાઓ અને નબળાઈઓને બરાબર જાણે છે. તેની દરિદ્રતા પ્રગટ



થઈ રહી છે.

તેથી માતાજી હવે એવી અભીપ્સા સેવતા થયાં છે કે તેઓ પોતાના સમગ્ર વ્યક્તિતાને ઓળંગી જાય. તેને સર્વાંશે ભૂલી જાય. પ્રભુ દિવ્ય-શક્તિઓનું તે એક વિનમ્ર માધ્યમ બની રહે. નમ્ર સેવક બની રહે. તે વ્યક્તિતાનાં બધા તત્વો દિવ્ય-રૂપાંતર પામેલાં હોય જેથી પરમ-ચેતનાની અભિવ્યક્તિને તેની મર્યાદાઓ ન નડે.

માતાજી અનુભવી રહ્યાં છે કે તેમનું વ્યક્તિત્વ પોચું પડી રહ્યું છે. વધારે ને વધારે નિરાગ્રહી અને પસંદગી નાપસંદગીઓથી પર બની રહ્યું છે છતાં તેના જુના સંસ્કારોનો સળવળાટ તો સંભળાય જ છે. માતાજી ઈચ્છે છે કે તેણે સર્વાંશે ફક્ત પ્રભુનાં દિવ્ય-સંકલ્પોને જ અભિવ્યક્ત કરવા જોઈએ. તેની પ્રેરણાને જ અનુસરવું જોઈએ. તેની પ્રેરણાનુસાર જ કાર્યનું એક નમ્ર કરણ બની રહેવું જોઈએ.

માતાજીને ધ્યાન દરમિયાન પોતાના જ આત્માનો ધીમો, શાંત, મર્મર ધ્વનિ સંભળાય છે. તે પરમ-પ્રભુનો જ અંશ છે અને તેથી જાણે પ્રભુ જ તેમને કહેતાં લાગે છે કે હે મીરા, હજી તમે પુરેપુરા મરી પરવાર્યા નથી. તમારો અનુભૂતિઓને જાણવાનો, સમજવાનો જે પ્રયત્ન જાણતાં અજાણતા થાય છે તે તમારી વ્યક્તિતાનો જ સળવળાટ છે. તે જ પોતાનો આગ્રહ રાખી રહ્યું છે. પોતાના અહંકારને જીવાડવા પ્રયત્ન કરી રહ્યું છે. તેને મરી જવા દે. આ જ અહંકારરૂપી છેલ્લો પડદો છે જે તેમની ચેતનાને પરમ-ચેતનાથી વિખૂટી પાડીને અલગ રાખવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પૂર્ણ સમર્પણ કરી દે. પૂર્ણ સમર્પણ એટલે બીનશરતી સમર્પણ; કોઈ આગ્રહ જ નહિ. તદ્દન પસંદગી વગરના થઈને રહેવું "Choiceless" થઈ જવું. સંપૂર્ણ આજ્ઞાંકિત થઈ જવું.

સંપૂર્ણ સમર્પણના દ્વારેથી જ પરમ-ચેતનામાં પ્રવેશાય છે.

Choiceless awareness એ જ સાચી અધ્યાત્મિકતા છે. આ અકર્મણ્યતા નથી, નિષ્ક્રિયતા નથી. પણ સક્રિયતામાં રહેલી નિષ્ક્રિયતા છે. આ જ નૈષ્કર્મ્યસિદ્ધિ છે એમ ગીતા જણાવે છે. કાર્ય કરવા છતાં કર્તાભાવથી તદ્દન અલિપ્ત રહેવું. કર્મ દરમિયાનના અકર્તાભાવની આ અવસ્થા છે. આમાં શાંત ધ્યાનાવસ્થા સાથે કર્મ પણ થતું હોય છે. કર્મ અને આત્મભાન સુસંગત રીતે જોડાઈ જાય છે. તેમનો સમન્વય થાય છે. આજ કર્મમાંનું કૌશલ્ય છે. સાચો યોગ છે, 'યોગઃ કર્મસુ કૌશલમ્' આ યોગનિષ્ઠા જ શ્રેષ્ઠ છે. ફક્ત 'આત્મભાવ સ્વરૂપ સાંખ્ય નિષ્ઠા આની પ્રાથમિક અવસ્થા છે.

# આદર્શ કેન્દ્ર

## (કેન્દ્રના સ્થાપનાદિન ૬ જુલાઈ નિમિત્તે)

- માન

(નલીનીકાંત ગુપ્તના લેખ ઉપર આધારિત)

શિષ્યોને નવું શ્રી અરવિંદ-કેન્દ્ર સ્થાપવું હતું. તેથી માતાજીના આશિર્વાદ લેવા ગયા અને તે મુજબની વિનંતી કરી. શ્રી માતાજીએ કહ્યું, ''કેન્દ્ર ખોલવું એટલું જ પૂરતું નથી. એ તો **દિવ્ય પ્રત્યેના સમગ્ર સમર્પણથી સભર એવો સંપૂર્ણનિષ્ઠાનો પવિત્ર જીવંત સંસાર** બની રહેવું જોઈએ.''

શ્રી માતાજીના આ કેન્દ્ર સંચાલનના મૂળમંત્રનું સ્પષ્ટીકરણ આપતાં શ્રી નલીનીકાંત ગુપ્તએ નીચેની વિગતો આપી છે, જે ખૂબજ મહત્વની છે.

(૧) **દિવ્ય પ્રત્યેના સમગ્ર સમર્પણથી સભર** રહેવાની યુક્તિ શ્રી અરવિંદે આપણને આપી છે. તે છે : ''શ્રી માતાજીને ચાહો. હંમેશા એવી રીતે વર્તો કે તે તમારી તરફ જુએ છે, કારણ કે ખરેખર જ તે હંમેશા હાજરાહજૂર છે.''

શ્રી માતાજી જ દિવ્ય-ચેતના સ્વરૂપ છે. તેઓ જ જગન્માતા છે. સર્વ વ્યાપી દિવ્ય ભાગવત ચેતના સ્વરૂપ છે. તે સર્વત્ર હાજર છે અને આપણા દરેક વિચાર, ભાવના, વિકારો, કર્મ પાછળનો છૂપાયેલો હેતૂ, બાહ્ય-વર્તન બધાને તે જાણે જ છે. કારણ આપણામાંના ચૈત્યપુરૂષ તરીકે તે જ હાજરાહજૂર છે. તેથી આપણી કોઈ વસ્તુ છુપી નથી.

કેન્દ્રના દરેક સાધક ભાઈ-બહેને આ સભાનતા કેળવવાનો સતત અભ્યાસ કરવાની ખૂબજ જરૂર છે. તેથી દિવ્યતા પ્રત્યેનો સમર્પણભાવ જાગૃત રહેશે.

(૨) શ્રી માતાજીએ પોતાના ઉપરના મૂળ-મંત્રમાં **'સંપૂર્ણ-નિષ્ઠા'** કેળવવાનો આગ્રહ રાખ્યો છે. તે બાબત શ્રી નલીનીકાંત ગુપ્તએ આપણને શ્રી માતાજીનો જ બીજો મંત્ર આપ્યો છે.'' આપણે જેમ પ્રાર્થના કરીએ છીએ તે પ્રમાણે જ કાર્ય કરીએ, કારણ કે કાર્ય એ ખરેખર શરીરે કરેલી પ્રભુની ઉત્તમ પ્રાર્થના છે.''



આપણે મન વાણી અને હૃદયથી પ્રાર્થના કરીએ છીએ. પણ આપણે ફક્તવિચારો ભાવનાઓ અને વાણી જ નથી. આપણા સ્વરૂપનો સીમાવર્તિ ભાગ આપણું ભૌતિક સ્થૂળ શરીર છે. તેને પણ પ્રાર્થનામાં શામેલ કરવું જરૂરી છે. તો શરીર કેવી રીતે પ્રાર્થના કરી શકે ? શરીરની પ્રાર્થના છે તેનું કાર્ય. તેણે તે કાર્યરૂપી પ્રાર્થના ઉત્તમ રીતે કરવી જોઈએ. ઉત્તમરીતે એટલે તે કાર્ય સમયસર કરવું જોઈએ. તે કાર્ય ભૂલ વગર, પૂર્ણ એકાગ્રતાથી અને સમર્પણભાવથી, ગાફેલ રહ્યા વગર, કરવાનું છે અને સાથે સાથે પોતાના કાર્યથી કેન્દ્રની સંવાદિતા ને કોઈ ધક્કો ન લાગે તેમ કરવાનું છે અને છેલ્લું આપણે શ્રી માતાજીના આદેશથી જ કામ કરી રહ્યાં છીએ, એવો ભાવ હૃદયમાં ધારણ કરી આંતરિક - પ્રેરણાઓનું માર્ગદર્શન મેળવતાં શિખવું જોઈએ. આવું કામ કરશો તો તેમાં આપણું મન, આપણું હૃદય, આપણું શરીર બધાંજ તત્વો સહભાગી થવાથી તે કાર્ય પાછળ 'આપણા' સર્વ તત્વોની સામુહિક નિષ્ઠા સ્વરૂપ 'સંપૂર્ણ નિષ્ઠા' નિર્માણ થશે.

(૩) શ્રી માતાજી જણાવે છે કે આપણું કેન્દ્ર એક **'પવિત્ર જીવંત સંસાર'** સ્વરૂપ બની જવું જોઈએ. 'સંસાર' એટલે પરિવાર. તે 'જીવંત' ત્યારે જ બને જ્યારે તેની માર્ફત સાચી ચેતના પ્રગટ થશે. ત્યારે આપણા કેન્દ્રનો પરિવાર 'પવિત્ર-સંસાર' બની જશે. શ્રી નલીનીકાંત આ વસ્તુને વાસ્તવિક બનાવવા શ્રી અરવિંદનો એક મંત્ર આપે છે. ''અસ્તિત્વના બધા પ્રશ્નો એ સાચે સાચ સંવાદિતાના પ્રશ્નો છે.'' આપણે સાધક ભાઈ-બહેનોમાં પરિવારની ભાવના ત્યારે જ નિર્માણ કરી શકીએ જો આપણે આપસમાં સ્નેહભાવ, આદરભાવ, એકતા અને સંવાદિતા સ્થાપિત કરી શકીએ.

પણ આ એકતા અને સુસંવાદ અને પરિવારની ભાવના ફક્ત શ્રમ-વિભાજન કરીને, દરેકને સ્વતંત્ર કાર્ય સોંપીને આવતી નથી. તેમને એક બીજાથી છેટે રાખીને પણ આવતી નથી. તેમને વારંવાર ઉર્ધ્વ-ચેતનામાં પ્રવેશવા પ્રોત્સાહન આપીને અથવા આંતરિક પ્રેરણાઓને અનુસરીને જ કામ કરવાનો આગ્રહ રાખીને જ નિર્માણ કરી શકાય છે. તમે શ્રી માતાજી પ્રત્યે જ સમર્પિત રહી તમારા કાર્યનો અને વર્તનનો ખૂલાસો આંતરિક રીતે માતાજીને જ આપતા શિખો. ભૂલ થતી હોય તો પોતે જ તે ભૂલ હવે નહિ થાય તેનું વચન માતાજીને આપતા શિખવું પડશે. આ કાર્યમાં પણ આપણો અહંકાર શ્રી માતાજી સામે સારી ભાવના અને સત્ય-નિષ્ઠાનો બુરખો પહેરી સાધકની પોતાની સાથે

જ રમત રમતો હોય છે. તે રમતને પકડી પાડતા સાધકે જ શિખવું પડશે. શ્રી માતાજીની હાજરીની અનુભૂતિ આ કાર્ય તરત પાર પાડે છે. શ્રી નલીનીકાંત ગુપ્ત જણાવે છે કે આવી રીતે વ્યક્તિએ ચેતનાના સ્તરોમાં ઊંચે ચડવાનો હંમેશ પ્રયત્ન કરવો જ જોઈએ. આપણે અસ્તિત્વના ઊચ્ચ સ્તરોમાં રહેલ સનાતનતાના પ્રદેશમાં પહોંચવાનું જ હોય છે અને ત્યાંથી કેન્દ્રે સોંપેલા કાર્યને વહેવા દેવાનું હોય છે. ચેતનાના ઊર્ધ્વ-સ્તરે સ્વયંભૂ સંવાદિતા અને એકતા છે. તે અદ્વૈતનો સ્પર્શ થતાં જ, તેનો આપણા અંતરમાં જાગેલો આનંદ અને ઉલ્હાસ જ આપણને બધા સાથે સંવાદિતામાં રહેતા શિખવશે.

કેન્દ્રના બધા જ સાધક ભાઈ-બહેનો તત્કાળ પોતાની પ્રકૃતિથી આ રીતે ઊર્ધ્વમાં નહિં ઉઠી શકે, માટે કેન્દ્રના વડીલે બધા તરફ કરૂણાભાવ, પ્રેમ, આદર દર્શાવી તેમને પ્રકૃતિથી ઊપર ઉઠતા શીખવવું જ પડશે.

કેન્દ્રનું કાર્ય પોતાની કુશળતા, ચાતુર્ય, ઝીણવટભરી કાળજી, શિસ્ત વગેરેની ઝલક લોકોને બતાડવા માટે નથી. આ અહંકારના પોતાના વર્ચસ્વ દર્શાવવાનાં સાધનો ન બની જાય તેનું ખૂબજ ધ્યાન રાખવાની જરૂર છે. આપણી પ્રકૃતિમાંની ઉપરોક્ત ગુણવિશેષતાઓ શ્રી માતાજીની ચેતનાની હાજરીને સમર્પિત રહી કાર્ય કરે એ જોવું ખૂબજ અગત્યનું છે. આપણા કેન્દ્રનું કાર્ય એ આપણું શ્રી માતાજી પ્રત્યેનું આત્મ-નિવેદન બની રહેવું જોઈએ. આપણું સમર્પણ બની રહેવું જોઈએ.

આપણા કેન્દ્રના કેન્દ્રમાં શ્રી માતાજી જ રહેલાં છે. આપણે તેમની ચેતનાની હાજરી સાથે એક જ ફૂલની વિવિધ પાંખડીઓની જેમ ગોઠવાઈ જવાનું છે. અન્ય વ્યક્તિના પ્રભાવ કરતાં શ્રી માતાજીના પ્રભાવને જ ઝીલતા રહેવાનું છે.

આમ કરશું તો જ શ્રી માતાજી પોતાના અવતારનું રહસ્ય અને આપણા કેન્દ્રના સત્યની શુદ્ધ અભિવ્યક્તિ કરી આપણી સહુ દ્વારા પોતાનું દિવ્ય-કાર્ય કરી શકશે. અન્યથા નહિં.

એક વસ્તુ તો ધ્યાનમાં રાખીએ. વિવિધ કુટુંબમાં જન્મેલા, વિવિધ શહેરોમાંથી આ એક જ શહેરમાં ભેગા કરાએલાં, વિવિધ ક્ષમતા અને પ્રકૃતિ ધરાવતાં, વિવિધ ક્ષેત્રનાં આપણાં જેવાઓને એક તાંતણે બાંધવાનો શ્રી માતાજીના દિવ્ય-સંકલ્પના આડે તો આપણે ભૂલેચૂકે પણ ન આવવું જોઈએ. શ્રી માતાજી આપણા કેન્દ્ર દ્વારા એક દિવ્ય-કાર્ય, એક પ્રભુકાર્ય, પાર પાડવા



ઈચ્છે છે. તે કાર્યમાંથી પાછા હઠવું એટલે જીંદગીમાંનો પ્રભુકૃપાથી મળેલો મોકો અને સદ્‌ભાગ્ય ગુમાવવા જેવું છે.

પોતાની ચેતનાના ઉત્થાનની તક ઝડપી લેવી જ રહી, અને તેનો પુરેપુરો ઉપયોગ પણ કરવો જ રહ્યો. ઘરે એકાંતમાં કરાતી સાધના એ વ્યક્તિગત સાધના છે. તે કરવી સહેલી છે. કેન્દ્રમાં કરાતી સાધના એ સામુહિક-સાધના છે. તેમાં અન્ય સાધકોની પ્રકૃતિ ભિન્નતા અને તેમની પ્રકૃતિની અપરિચિતતા બે વધારાના તત્વો ઉમૈરાય છે. તેથી તે વધારે કપરી બને છે. પણ સામુહિક-સાધના દ્વારા જ વૈશ્વિક ઉત્ક્રાંતિ જન્મ લેવાની છે, એ મોટામાં મોટો ફાયદો પણ છે.

સામુહિક સાધનામાં અન્યો પ્રત્યેનો કરૂણાભાવ, સ્નેહ અને સમતા કસોટીએ ચડે છે. નિરપેક્ષતાના પાઠ ઘુંટાય છે. આ પણ સાધનાનું અટળ પાસું છે, જે કેન્દ્ર દ્વારા જ વિકસે છે.

ચાલો આપણે શ્રી માતાજીના દિવ્ય પરિવારના દિવ્ય-જીવન જીવતા સભ્ય બની જઈએ.

## કેન્દ્ર ઉજવે છે રજત - મહોત્સવ

મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર પોતાના ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે તા. ૬ અને ૭ જુલાઈ ૨૦૦૮ના રોજ રજત મહોત્સવ ઉજવી રહ્યું છે.

આ મહોત્સવમાં શ્રી અરવિંદના યોગના સાધક અને મનીષિ માનનીય શ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્ત **'સાવિત્રી-સત્સંગ'** ઉપર સહચિંતન સહમનન સ્વરૂપ સામુહિક આરાધના કરાવશે.

**કાર્યક્રમ**

**તારીખ ૬ અને ૭ જુલાઈ ૨૦૦૮**

| | | | |
|---|---|---|---|
| સવારે | ૧૦ થી ૧૨ | - | **ધ્યાન સાથે સામુહિક આરાધના** |
| સાંજે | ૬ થી ૮ | - | **પ્રાર્થના સાથે સામુહિક આરાધના** |

સ્થળ

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**

૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ

# દિવ્યાંશ : એક સજીવ સંનિધિ

- માન

(કેન્દ્રના સ્થાપના દિન નિમિત્તે)

''દિવ્યાંશ એ કોઈ સ્મૃતિચિહન માત્ર નથી.... તે શ્રી અરવિંદની સજીવ સંનિધિ છે. એમની જીવનભરની સાધનાનો પ્રકાશ અને એની શક્તિ એમાં સભર ભરેલાં છે.... જે રીતે અણુ પોતાની અંદર અનંત અણુશક્તિ ધારણ કરીને રહ્યો છે તેમ... આ છે દિવ્યાંશનું સત્ય. આ સત્યને હંમેશા શુદ્ધ, પવિત્ર, સજીવન રાખવું એ આપણી ફરજ છે.''

શ્રી નિરોધબરન, દિવ્યતાનાં સાથી. પે. ૨૧૬-૨૧૭

દિવ્યાંશની સ્થાપના કરી ત્યાં શ્રદ્ધાથી નમવું એ પરંપરા ભારતમાં ઘણી પ્રાચીન છે. ગૌતમબુદ્ધનાં દાંતને સમ્રાટ અશોકનાં પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા સિલોન લઈ ગએલાં અને ત્યાં અનુરાધનપુરમાં સ્થાપી તેની ઉપર સ્તૂપ બાંધ્યો છે. આજે તે અનેક બૌદ્ધ-ધર્મીઓનું શ્રદ્ધા-સ્થાન બની ચુક્યું છે.

ઈસ્લામ ધર્મમાં દરગાહ એ પ્રચલિત પદ્ધતિ છે. યેશુખ્રિસ્તની કબર અને કોફિન માટે કેટકેટલાં સંશોધનો થઈ રહ્યાં છે. ઈજીપ્તનાં પિરામિડોમાં ઈજીપ્તની ગૂઢ પરંપરા 'પંચમ-માર્ગ' ની સાધના કરનાર ફેરો રાજવંશના વંશજોનાં મમીઓ રાખેલાં છે.

શું આ બધા ફક્ત સ્મૃતિ ચિહ્નો માત્ર છે ? તે સિવાય કાંઈ નથી ? ના... એવું નથી. વિવિધ પરંપરાઓ પાછળ ગૂઢવિદ્યાનાં ગૂઢ સત્યો રહેલાં છે. જે આજના યુગમાં સમજી લેવા ખૂબજ જરૂરી છે.

પ્રાણી માત્ર જે રીતે જીવે છે તેનાં શૂક્ષ્મ સંસ્કારો તેમનાં શારીરિક કોષોના ડી એન એ માં સંગ્રહિત થએલાં હોય છે અને તે સંસ્કારો એક પ્રકારનાં આંદોલનો સતત નિર્માણ કરતાં હોય છે, જે મનમાં મનોવૃતિ તરીકે પ્રગટ થતાં હોય છે. શ્રી માતાજીને કોષોની સાધના દરમિયાન તેમને અનુભવાએલું આ સત્ય છે.

આ આંદોલનો બે રીતે બીજામાં સંક્રાંત થાય છે.

(૧) વારસાગત રીતે માતાપિતા દ્વારા આ બાળકોમાં સંક્રાંત થાય છે.

(૨) સંસર્ગજન્ય રીતે અથવા સહવાસથી પણ આ આંદોલનો અન્યના શારીરિક-કોષો પકડી લે છે અને તેને અનુસરે છે. રોગોનો ચેપ આ રીતે જ લાગતો



હોય છે. તેમજ 'સંગતના પરિણામ' તરીકે આ સંક્રાંત થતા આંદોલનો અનુભવાય છે.

સહવાસ અને સંગત વિવિધ કક્ષાએ થતી હોય છે. તે શારીરિક કક્ષાની પણ હોય છે. પ્રાણમય કક્ષાની પણ હોય છે. મનોમય કક્ષાની પણ હોય છે અને ચૈતસિક-કક્ષાની પણ હોય છે. સ્પર્શજન્ય રોગનો ચેપ અથવા સ્પર્શ દ્વારા પ્રેમની અનુભૂતિ (દા.ત. હસ્તધૂનનમાં) આ શારીરિક કક્ષાનું સંક્રમણ ગણાવી શકાય. ભાવનાઓનો પણ ચેપ લાગે છે. બીજાને રોતા જોઈ આપણને રોવું આવે છે. આ ભાવનિક-સંક્રમણ છે. મનોમય સંક્રમણમાં વિચારની આપ લે થાય છે. ચૈતસિક સંક્રમણમાં માનવ કોઈ દિવ્ય-હાજરીને કારણે શાંતિ, આનંદ, દિવ્યભાવ, તૃપ્તિ ભક્તિભાવ, આંતર-ઉજાશ અનુભવે છે.

શ્રી અરવિંદનાં દિવ્યાંશ આ ચોથા પ્રકારના આંદોલનોના સંક્રમણનાં પ્રકારમાં આવે છે. તેથી જ શ્રી નિરોધબરન તેમને 'દિવ્ય-સંનિધિ' કહે છે.

શ્રી અરવિંદના દરેક શારીરિક કોષે અતિમનસ તેજ ધારણ કરી રાખેલું. શ્રી માતાજીએ શ્રી અરવિંદના દેહત્યાગ વખતે થએલી શૂક્ષ્મ-ઘટનાનું વર્ણન આબેહૂબ ડૉ.સન્યાલના પ્રશ્નના જવાબરૂપે કરેલું. શ્રી માતાજીએ તેમને જણાવેલું કે શ્રી અરવિંદનો સમગ્ર દેહ અને તેનો કોષે કોષ એક સુવર્ણમય પણ નીલઝાંય ધારણ કરેલ પ્રકાશથી છલકાઈ રહ્યો હતો. આ જ અતિમનસ પ્રકાશ હતો. શ્રી માતાજીએ ડૉ. સન્યાલને પણ તે પ્રકાશનું દર્શન કરવાની ક્ષમતા તે પ્રસંગ પુરતી આપેલી. તે અતિમનસ પ્રકાશ શ્રી માતાજીમાં સંક્રાંત થયો હતો. કોષોમાંથી છલકાતો પ્રકાશ એ કોષોમાંથી નિકળતા સતત આંદોલનને પરિણામે પ્રગટ થએલો હોય છે. આવા આંદોલનોને આપણા શાસ્ત્રો 'નાદ' કહે છે. સમગ્ર જગત આ રીતે નાદ સ્વરૂપ જ છે 'નાદાત્મક જગત' એવા વર્ણનો જોવા મળે છે. પરમ-ચેતનાના આવા આંદોલન સ્વરૂપ નાદ ને જ 'ઓંકારનાદ' કહે છે. પ્રભુને જગત નિર્માણ કરવાની ઈચ્છા થઈ એટલે તેણે 'શબ્દ' આપ્યો એવું બાયબલમાં વર્ણન જોવા મળે છે. આ 'શબ્દ' એટલે જ નાદ. પ્રભુએ નાદ નિર્માણ કરીને જાણે જગત નિર્માણ કરવાની સંમતિ આપી. જાણે સહી કરી આપી. શ્રી માતાજીએ તેથી જ કહ્યું છે કે "Om is the signature of the Supreme"

શ્રી અરવિંદનાં દિવ્યાંશ સ્વરૂપે આપણને તેમનાં વાળ, નખ, એવી વસ્તુઓ મળે છે. તેમની પવિત્રતા અન્તરધ્યાન ન પામે, સ્વૈચ્છિક નિવૃત્તિ ન લે તે માટે તેમને સોનાની ડાબલીમાં રાખવામાં આવે છે આવી બે ત્રણ ડાબલીઓને

અંતે સુખડની ડાબલી આવે છે.

સોનામાં એક ખાસ ગુણધર્મ છે. તેનો સુવર્ણમય પ્રકાશ એ તેમાં રહેલ અતિમનસ પ્રકાશનો ભૌતિક પરિણામ છે. જેમ અતિમનસમાં મલિનતા અને અજ્ઞાન રહી જ શકતા નથી તેમ સુવર્ણમાં પણ તે પ્રવેશી શકતાં નથી. ઓરોવિલના માતૃમંદિરને સુવર્ણથી મઢવાનું આ રહસ્ય છે. આપણે અનુભવીએ છીએ કે માતૃમંદિરમાં ધ્યાનમાં ખલેલ પડતી નથી; તેનું કારણ આ સુવર્ણ છે. ત્યાં મલિનતાનાં આંદોલનો સુવર્ણને કારણે બહારથી જ પરાવર્તિત થઈ જાય છે.

દિવ્યાંશની આટલી કાળજી પુરતી નથી. આથી પણ વધારે કાળજી લેવી જરૂરી છે અને તે પણ દિવ્યાંશ માટે નહિં, પણ આપણા પોતાનાં હિત માટે. ઉપર મેં લખ્યું છે કે દિવ્યાંશના આ પવિત્ર અને દિવ્ય આંદોલનો પોતે સ્વૈચ્છિક નિવૃત્તિ ન લે તેની કાળજી લેવાની જરૂર છે. મેં એમ નથી લખ્યું કે તેમની પવિત્રતા નષ્ટ ન થાય તે માટે કાળજી લેવાની જરૂર છે. તેમની પવિત્રતા નષ્ટ કરવાની આપણામાં કે કોઈ અન્યમાં તાકાત જ નથી. પણ ઘણી વખત આ દિવ્ય-આંદોલનોની જગ્યામાં મલિન આંદોલનો ધરાવતી અયોગ્ય વ્યક્તિઓ વારંવાર આવવા લાગે તો તે દિવ્યાંશો પોતાના દિવ્ય-આંદોલનોના પ્રભાવ તળે તેવી વ્યક્તિઓને વધારે અપાય થઈને તેમની સમતુલા ન ભાંગી પડે તે માટે પોતાના આવા દિવ્ય-આંદોલનોને સમેટી લેવાની પ્રક્રિયા સ્વેચ્છાએ આરંભે છે. અને જો પરિસ્થિતિ તેવી જ મલિન રહી તો તે દિવ્યાંશોની દિવ્યતા અવ્યક્ત સ્વરૂપે સ્થિર થઈ જાય છે. મલિનવૃતિ ધરાવતી વ્યક્તિ ઉપર હકારાત્મક પરિણામ થાય ત્યારે તેના દોષો વધારે તીવ્રતાથી ઉભરાઈ આવે છે. જે ખરેખર શુદ્ધિકરણની પ્રક્રિયા હોય છે. પુરાતન કાળમાં વખણાયેલા જાગૃત દેવસ્થાનોની આજની ખંડેર અવસ્થાઓ અને નિષ્પ્રભાવી અસ્તિત્વ ઉપરોક્ત નિવૃત્તિની પ્રક્રિયાને આભારી છે.

આથી જે કેન્દ્રોને શ્રી અરવિંદનાં કે શ્રી માતાજીનાં દિવ્યાંશો કે વપરાયેલી વસ્તુઓ મળવાનું સદ્ભાગ્ય મળ્યું છે. તેમની આ ઉપરોક્ત ઘટનાઓના આધારે નિર્માણ થતી ગંભીર જવાબદારીઓ સ્પષ્ટ થશે. કેન્દ્રના દરેક સાધક ભાઈ-બહેને એટલું પવિત્ર જીવન જીવવું જરૂરી છે કે દિવ્યાંશોની દિવ્યતા નિવૃત્તિ થવાનું વિચારે જ નહિં. આ કાળજી નહિં લેવાય તો પ્રથમ દ્વેષ ઈર્ષા અહંકારોમાં રહેતા સાધકોને આ દિવ્યાંશોની દિવ્ય-સંનિધિ આકરી લાગ્યા વગર નહિં રહે. શું આપ જોતા નથી કે અમુક પવિત્ર દેવાલયોમાં મલિન ઓછાયા નીચેનાં માનવોને તેમાં પ્રવેશ કરતા પણ મુંઝવણ અનુભવાય છે. દબાણ અને અસ્વસ્થતા અનુભવાય છે. બસ તેવી જ



ઘટના અહિં કેન્દ્રોમાં પણ થતી જોવા મળે તો નવાઈ નહિં. તેમને પવિત્રતા, નિખાલસતા, સમર્પણભાવ વગેરે ધારણ કરવાની આ અગમચેતી સ્વરૂપ છે.

રાજકોટ કેન્દ્ર આ રીતે ભાગ્યશાળી છે. તેને શ્રી અરવિંદના દિવ્યાંશો તો મળેલાં જ છે. પણ હવે અન્ય સ્ત્રોતોમાંથી શ્રી માતાજીએ વાપરેલી ઘણીબધી પવિત્ર વસ્તુઓ પણ મળેલી છે, જેમનું પણ તેટલું જ મહત્વ છે. સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી પોતાના જીંદગીના છેલ્લે દિવસે પોંડીચેરીથી અહિં રાજકોટ આવતા હતાં ત્યારે આ વસ્તુઓ સાથે લાવેલાં. આ વસ્તુઓ રાજકોટ કેન્દ્રમાં લાવી તે જ દિવસે ચિર-વિદાય લીધી, જાણે પોતાના જીવનની ઈતિ કર્તવ્યતા પુરી કરી. કેન્દ્રની વ્યક્તિઓ આ દિવ્ય-સંનિધિની પવિત્રતા જાળવવા તત્પર છે. સજીવ સંનિધિ તરીકે રાખવાનું આપણું કર્તવ્ય આપણે સમજવું જોઈએ. આપણી વ્યક્તિગત અને સામુહિક સાધનાના વિકાસ માટે તે અત્યંત જરૂરી છે. મહારાષ્ટ્રમાં જ્યાં વારકરી સંપ્રદાયના શ્રેષ્ઠ યોગીપુરુષ શ્રી જ્ઞાનેશ્વરની સમાધિ છે ત્યાંની એક ઘટના જાણવા મળી છે, જે દિવ્ય-સંનિધિ અર્થાત દિવ્યહાજરીનો નક્કર પુરાવો આપે છે. ત્યાંની સમાધિની નિત્ય સેવા કરનાર એક ભક્તને સપનું આવ્યું. સપનામાં શ્રી જ્ઞાનેશ્વરે આવીને કહ્યું તેમના ગળામાં સર્વિસટ્રી તરીકે સમાધિ પાસે રહેલ પિપળાના વૃક્ષનું મુળિયું અટવાઈ ગયું છે અને તેમને પીડા થાય છે. સંચાલકોએ આ સ્વપ્નને ગંભીરતાથી લીધું. ગંભીરતાથી વિચારણા કરી સમાધિને ખોલવામાં આવી. અને આશ્ચર્ય. ખરેખર શ્રી જ્ઞાનેશ્વરના હાડપિંજરના ગળાના ભાગમાં પિપળાનું મુળીયું અટવાયેલું દેખાયું. મુળીયું કાઢીને શ્રી જ્ઞાનેશ્વરના શરીર તરફ મૂળીયાં વધે જ નહિં એવી વ્યવસ્થા કરવામાં આવી.

દિવ્યાંશ એટલે યોગીનાં શરીરનાં કોઈ અંશો. તે અંશમાં યોગીની સમગ્ર રૂપાંતર પામેલી, દિવ્ય-બનેલી, સમગ્ર શરીરની ચેતના રહે જ છે. દિવ્યાંશની ચેતના એટલે આવી શારીરિક-ચેતના પણ તેને કારણે તે દિવ્યાંશમાં સમગ્ર, પૂર્ણ દિવ્યતાને પ્રગટ કરવાની ક્ષમતા હોય છે.

ઈજીપ્તનાં પિરામીડો ખોદતા થતાં ઉત્પાતો આવી તે પિરામીડોમાંની મમીઓની શારીરિક-ચેતનાનાં હોય છે. શ્રી માતાજી આને રૂપોનો આત્મા (Soul of the forms) કહેતાં. મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાની પ્રક્રિયા એ પણ જીવંત-સંનિધિ નિર્માણ કરવાની જ પ્રક્રિયા છે. દિવ્ય-સંનિધિ, દિવ્ય-હાજરી સર્વત્ર હોય જ છે અને સર્વકાળ હોય છે. પણ તે પ્રગટ અને અપ્રગટ પૈકી કોઈપણ એક અવસ્થામાં રહી શકે છે. તે અપ્રગટ હોય છે કારણ તેને પ્રગટ થવા યોગ્ય વિકસીત કરણ મળતું

નથી. તે મળતાં જ તે પ્રગટ થવા લાગે છે. પ્રાણ-પ્રતિષ્ઠાની પ્રક્રિયા આ કરણ પુરૂ પાડવાની પ્રક્રિયા માત્ર છે.

જીવંત સંનિધિ એટલે આવી પ્રગટ દિવ્ય સંનિધિ. સંનિધિ એટલે હાજરી. આવી રીતે યોગી પોતામાં અને અન્યમાં પણ (નિર્જીવ વસ્તુમાં પણ) જીવંત-સંનિધિ રચી શકે છે. ગુરૂ શિષ્યને આત્મસાક્ષાત્કાર કરાવે છે આ બીજા પ્રકારની જીવંત-સંનિધિ છે. તેમાં પોતાના વિકસીત કરણનો એક અંશ શિષ્યની પ્રકૃતિમાં કલમ કરે છે. તે કલમ પછી વિકાસ પામી સ્વતંત્ર વિકસીત કરણ બની દિવ્ય-સંનિધિને પ્રગટ કરવા લાગે છે. આને દિક્ષા, કુંડલિની-જાગરણ, શક્તિપાત વગેરે વિવિધ નામે ઓળખાય છે.

શ્રી માતાજી અને શ્રી અરવિંદનાં પોંડિચેરીમાં અને વિવિધ કેન્દ્રોમાં રહેલ તેમનાં દિવ્યાંશોમાં આવી ''જીવંત-સંનિધિ'' હોય છે. આ વાસ્તવિકતા ક્યારે પણ સાધકે ભૂલવી ન જોઈએ.

આ ફક્ત શ્રદ્ધાનો જ વિષય નથી પણ એક ગૂઢ હકીકત છે. એક શૂક્ષ્મ પાર્થિવ-વાસ્તવિકતા છે. તેની પવિત્રતા જાળવવી એ સમગ્ર આશ્રમની, સમગ્ર કેન્દ્રોની એક પવિત્ર-ફરજ બની જાય છે.

**ધરી હૃદયે તારી, કૃપા વર્ષાની આશ મા.**

અમારાં સ્વપ્નોને સુભગ તવ આશિષ મળજો,
અમે જે ઝંખ્યું તે તવ વરદ હસ્તોથી ફળજો.
હજી તો અંધારાં બહુ બહુ, તવ જ્યોતિ ત્યહીં, હા
પ્રકાશો, આક્રોશો સહુ તવ મહા સ્તોત્ર બનજો.
શ્રી સુંદરમ્ ૨૬.૧૨.૮૦

---

પ્રભાતો સંધ્યાઓ ઝળહળત મધ્યાન્હ ગગને:
નવા પ્રારંભોની પરમ પળ આ, આવૃત બને.
અને આત્મા તારે ચરણ ઢળતો લીન સ્તવને.
શ્રી સુંદરમ્ ૨૭.૧૨.૮૦



# જગત એક સહિયારું સાહસ છે

World is participatory

- શ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્ત

(જૂન મહિનાના સહજ-સત્સંગના અંકમાં મારા લેખની છેલ્લી કંડિકામાં "This world is participatory" આ જગત સહધર્મી છે, સહિયારું છે એ વાતનો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરથી રાજકોટના મારા સ્નેહી મિત્રે સહજ-સત્સંગ દ્વારા એ વિષયને હું વિસ્તૃત પણે રજુ કરું એવી ખ્વાહિશ દર્શાવી છે. એની પાછળનો એમનો શુભ આશય હું સમજ્યો છું.

સહજ-સત્સંગના કાર્યકારી તંત્રીશ્રી માનાર્હ માનસિંહભાઈથી માંડીને ત્યાંના અન્ય સાધક મિત્રો પણ શ્રેણીબદ્ધ લેખમાળા લખવા માટે હેતથી નિમંત્રતા હતા. હું તેમને તેનો જવાબ વાળવામાં અવઢવમાં હતો. મને એમ થતું હતું કે સહજ-સત્સંગના પ્રતિમાસના નિયમિત પ્રકાશનના કાર્યને અત્યંત આવશ્યક એવી સમયબદ્ધતા મારાથી જાળવી શકાશે ખરી? કારણ કે એ પ્રકારનું લેખન કાર્ય કદી મને ફાવ્યું ન હતું. એટલે હું માનું છું કે મારા સ્નેહી મિત્રે મારી મદદમાં આવી મને ગમતી પદ્ધતિ શોધી કાઢી છે. ટેલીફોન પર વાતમાં ને વાતમાં મારા લેખમાંથી જ કોઈ પ્રશ્ન કે મુદ્દો વિવેકપૂર્વક તારવીને... આનો પ્રત્યુત્તર પાઠવી શકાય... સહજ-સત્સંગમાં તે છાપી શકાય એવી પ્રેરણા આપતાં રહે છે. અને હું તો પ્રેમના કોમળ તાંતણે બંધાયેલો જીવ છું. બસ, માને પસંદ તે મને પસંદ)

તો વાત છે જગતમાં સર્વત્ર પ્રવર્તતી સહધર્મિતાની. પરંતુ આ સહધર્મિતા એ કાંઈ ધાર્મિક સંપ્રદાયોની સહધર્મિતાની કે કહેવાતા ધર્મોની બનાવટી અને ઉપર ઉપરથી ચોંટાડેલી કૃત્રિમ એકતાની બાબત નથી. આ વાત તો છે માનવના હૃદયમાં જડાયેલી અને આંતરિક આત્મિય એકતા પર નિર્ભર એવી સહધર્મિતાની - માનવ માનવ વચ્ચેના 'સત્' પ્રતિષ્ઠિત સહિયારાપણાની. ધાર્મિક માન્યતાઓ અને ધાર્મિક સંપ્રદાયો તો જન્મતા - ઘસાતા - તૂટતા અને ભાંગતા રહેવાના. એવી દરિયાના મોજાં પરના સુંદર ફીણ જેવી એ પ્રક્રિયા કાંઈ અટકશે નહીં. આપણે જ સહધર્મિતાને ઓળખવી છે અને પામવી છે. તે તો સર્વવ્યાપ્ત સહધર્મિતા છે. એને આપણે આપણું 'સહિયારાપણું' પણ કહી શકીએ. ધર્મો, સંપ્રદાયો, માન્યતાઓ, ધાર્મિક મંતવ્યો અને ખ્યાલો તો હજાર છે. પણ સહધર્મીપણું - સહિયારાપણું તો એક અને અનન્ય છે. જ્યાં સુધી માનવ - માનવ વચ્ચે અને માનવનો જગત સાથે અને જગતના નાથ સાથે

સ્થાયી એકત્વનો જીવંત સંબંધ રચાશે નહીં ત્યાં સુધી સાચી ધાર્મિકતા સાચું સાહચર્ય અને સાચી માનવ એકતા કદી સધાશે નહીં.

સમગ્ર સર્જનમાં આ મૌલિક આંતર એકતા, નિગૂઢપણે તેના બંધારણના મૂળમાં જ છુપાઈને રહેલી છે. આપણે એને કશેકથી ભીખી, માંગી આણવાની નથી કે કશેકથી દયાપાત્ર થઈને કરજ લેખે ઉધાર ઉછીની પણ લાવવાની નથી. આપણામાં વસતા એના પ્રભાવ પ્રત્યે આપણે જાગ્રત થવાનું છે. આ એકત્વના તત્ત્વની હાજરીને કારણે જ બ્રહ્માંડ પ્રગટ છે અને વિકસી રહેલું છે. જો એ 'સત્' સર્જનમાંથી પોતાનો શ્વાસ પાછો ખેંચી લે તો આ બ્રહ્માંડ કડડભૂસ થઈ તૂટી પડે. એટલે participatoryness, સહિયારાપણાના ભાવને સમજતા પહેલાં આ ઐક્યનો કક્કો બરાબર ઘુંટાઈ જવો જોઈએ.

આપણે અને આપણું આ અખિલ માનવ કુળ, વંશાનુવંશી, સમગ્ર વિશ્વ પ્રકૃતિનો જ એક અવિચ્છિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. આ નદી નાળાં ને દરિયો, ઉત્તુંગ હિમાચ્છાદિત શિખરો અને બળબળતા રણની રેત, વનો ઉપવનો. અરે ! નવલખ તારાના ટોળાં, ગ્રહો-નક્ષત્રો અને અનંત નિહારિકાઓથી ખીચોખીચ ખચિત આ અખંડ બ્રહ્માંડ, એમાંના ચર-અચર સર્વ જીવજંતુ અને પ્રાણી જીવન સહિત સકલ અસ્તિત્વ, તે ખુદ પ્રભુનું પોતાના સર્જન સાથેનું સહઅસ્તિત્વ છે. પોતાની પ્રકૃતિ સાથેનો એ એક અદ્ભૂત મહાયોગ છે. આ બધાથી જાણે કે મૂળમાંથી જ છૂટી પડી ગઈ હોય એવી આપણી કોઈ હસ્તી નથી. આપણી હયાતીને સર્વતંત્ર, સ્વતંત્ર અને અલગ માનીને બુદ્ધિને નિજી સ્વાર્થપણામાં સ્વચ્છંદે ભમાતુની જેમ ભમવા દેવી, એ તો ખુલ્લીઆંખે પ્હાણો બાંધીને બાપના કુવામાં બુડી મરવા જેવું છે !

આપણે પલેપલ જે શ્વાસ લઈએ છીએ તે હવાનું યાને વાયુઓનું (ઓક્સીજન, હાયડ્રોજન, કાર્બન, નાઈટ્રોજન વગેરેનું) સંમિશ્રણ ક્યાંથી આવ્યું ? અને ક્યા કંપાઉન્ડરે કોના પ્રિસ્ક્રીપ્સનથી તૈયાર કર્યું ? વાયુઓનું આ મિશ્રણ અનંત કાળથી આવશ્યકતા પ્રમાણે એક સરખું વણખૂટ પહોંચતું જ રહ્યું છે તે ઓછું વિસ્મયકારક છે ! અગણિત પ્રાણી માત્રને મહાકાય સૂર્યબિંબોમાં આગની પ્રચંડ જ્વાલાઓ અનસ્ત કલ્પોથી ભડભડી રહી છે. તેનો વિચાર કરીએ અને બીજી બાજુ તે જ અગ્નિ આપણા આ નાનાશા શારીરિક પીંડમાં સમતુલિત ગરમી બક્ષી દેહને ઉષ્માવંત બનાવી જીવાડી રહ્યો છે તે સમજીએ તો, તે આખી કેવી અજબની દાસ્તાન છે ! જલ, સ્થલ અને આકાશની વાત તો



પાછી અનોખી.

પ્રકૃતિની લીલામયતાનો કોઈ છેડો નથી. હું જુદો, જગત જુદું અને જગતનો નાથ જુદો એવું ક્યારેય હતું નહીં, છે નહીં અને હશે નહીં. આ જગત એકમેક સાથે સંલગ્ન છે અને પોતાના કોઈક તરેહના આંતરિક સહિયારાપણાની યાદ સતત તાજી રખાવે છે. Creation is in the constant remembrance of the creative power without any outward sign. સર્જન તો સર્જકશક્તિની મહામૌનમાં સતત બંદગી કરતું હોય છે. સૃષ્ટિ તો પૃથ્વી પરની આપણી હાજરીનો જીવતો જાગતો અને પ્રત્યક્ષ અનુભવાતો મહાસંદર્ભ છે. આપણી પોતાની અખિલાઈ એ બ્રહ્માંડની અખિલાઈનો જ એક ધબકતો અંશ છે. તો આ અખિલાઈની પાછળનું મૂળતત્વ શું હોઈ શકે ?

આ સતત વિસ્તાર પામતા જતા, પલટાતા અને વિકસતા જતા વૈવિધ્યપૂર્ણ વિરાટ વિશ્વના ગ્રહો નક્ષત્રોને કઈ 'પ્રજ્ઞા'યુગ યુગાંતરથી તેને તેની ભ્રમણ કક્ષાઓમાં ઘૂમતી ફિરતી રાખી રહી છે ? સૃષ્ટિની અપરંપાર શક્તિઓને તેના સંવાદપૂર્ણ સમન્વય સાથે, અખંડ અને સુગ્રથિત અને સક્રિય ક્યું મહાબળ રાખી રહ્યું છે ? આપણા આંતર-બાહ્ય વિકાસને લક્ષ્યમાં રાખીને તે મહાપ્રજ્ઞ શક્તિ સાથે આપણે કઈ રીતે સહયોગ સાધી શકીએ ?

જેમ કાંડાની નાડ પકડતા નાડીનો ધબકાર આપણે સ્પષ્ટ પારખી શકીએ તેમ જગતમાં ઘટનાઓની રફતારનો ઝોક અને ઝડપ જોતાં ચારેકોરથી તેને પાછળની ધબકનો ધ્વનિ સ્પષ્ટ સંકેતો સુચવતો હોય એવું અનુભવાઈ રહ્યું છે. It is evidently palpable. પ્રકૃતિ આવી રહેલ કોઈ નૂતન ક્રાંતિના પદરવનો અણસાર માનવને આપી રહી છે.

ભૌતિક વિજ્ઞાન કે જેણે સત્યની પોતીકી શોધનું સીમાંકન, ઈન્દ્રિયબદ્ધતાને ચરણે ધરી દીધું હતું તેમાં, તેના ક્રાંતિકારી મહાવિજ્ઞાનીઓના રાહ પર ચાલતા ચાલતા અણુ વિજ્ઞાન એક અપૂર્વ ક્રાન્તિને આરે આવીને ઊભું છે. પ્રયોગશાળા ના ખંડોમાં પ્રયોગ કરતા કરતા વિજ્ઞાનીઓ પોતે જ એક હેરતભરી પરિસ્થિતિમાં ઝીલાઈ ગયા છે. અને શંકાશીલ મને પોતે જ પોતાને ફરી ફરી પ્રશ્ન પૂછી રહ્યા છે કે :

"What is consciousness - ચેતના શું છે ?''

વિજ્ઞાન એમને સીધો કોઈ જવાબ આપતું નથી. એટલે તેઓ હવે વિસ્મિત

થઈને વિમાસી રહ્યા છે કે કદાચ "Consciousness may be non - material" ચેતના અ-ભૌતિક હોઈ શકે છે. કોઈપણ ભૌતિક પદાર્થ કે દ્રવ્યની ચેતના નિપજ હોય તેવા કોઈ ચિન્હો મળતા કે દેખાતા નથી. કેટલાક તો દૃઢતાપૂર્વક સૂચવે છે કે, : ભારતીય ઐક્યનું 'આત્માનુભૂતિ' પર જે અદ્‌ભૂત પ્રતિપાદન કરવામાં આવ્યું છે, લગભગ તેને મળતું - ઝુલતું દર્શન આ વિજ્ઞાનીઓને પણ સ્વીકાર્ય હોય એમ અનુભવાય છે. અને કોઈક વિજ્ઞાનીઓ તો વિજ્ઞાનના ચૂસ્ત ડાયરાને પડકારતા એવું કહેતા સંભળાય છે કે : બધા ભૌતિક નિયમોથી વેગળું, સાવ સ્વતંત્ર 'ચેતના' પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

સત્યના એક નિષ્ઠાવાન શોધક તરીકે માનવે, પોતાની આત્મતત્ત્વની પ્રતીતિ માટે કોઈ પારકા અને કહેવાતા જ્ઞાન વિજ્ઞાન કે માન્યતાના આધાર પર આશ્રય લેવાનો નથી. પછી તેને આ કે તે છેડેથી કે આ કે તે શાસ્ત્રથી પુષ્ટિ મળો કે ના મળો. આપણને આપણા પોતાના સ્વાનુભૂત તત્ત્વ પર અતૂટ શ્રદ્ધા અને અભંગ આત્મવિશ્વાસ હોવો જોઈએ. કોઈ ધુરંધર તરફથી પુષ્ટિ મળે તો ગેલમાં આવી જઈએ અને કોઈકની અવહેલના મળે તો દુઃખી થઈ ગમની ખાઈમાં ગબડી પડીએ, એવી નિર્વીર્ય અને નિર્માલ્ય આસ્થાનું જીવનમાં કોઈ સ્થાન નથી. આત્માનુભૂતિ પોતે જ પોતાની હાજરીનો સશક્ત અને જીવંત પૂરાવો છે.

આપણી હસ્તિ તો આપણી પોતીકી આત્મપ્રતીતિના ખડક પર અણનમ અને અડીખમ ઊભેલી છે અને તે જ આપણને શ્રી અરવિંદ અને શ્રી માના સાન્નિધ્યમાં લઈ આવી છે. આ પૂર્ણયોગનું કાઠું જ જુદું છે. એની તાકાત જ કોઈ અવનવીન અને અનન્ય છે. એ તો માનવ જેવો છે તેવો તેને આખો ને આખો ઊંચકી લે છે અને આપણી અંદર નિવસતી આત્મશક્તિ સમક્ષ ખડો કરી દે છે. અચેતસ્‌ને ચેતસની ચિનગારીની આંચ લગાડી દે છે અને સચેતસની સાધનામાં તેને સાંકળી દે છે. જીવાતું જીવન એ જ તો વિકાસનું ક્ષેત્ર છે. દિવ્યતાને દાખલ થવાનું એ તો આંગણું છે. એને નેવે મૂકી ક્યાં અને કઈ સાધના જીવનને તેની પૂર્ણતાના ઉજાસનો અનુભવ કરાવી શકે ?

તો માણસ જીવન, જગત કે જગતના તાતની નિંદા કરીને, તેનો તિરસ્કાર કરીને પૃથ્વી પર ક્યા સુખની અપેક્ષા રાખી શકે ? તેથી જ તો તેણે સ્વર્ગ-લોકની કલ્પનામાં રાચવું પડયું અને પરલોકમાં મળનારા સુખની ફલ પ્રાપ્તી માટે પાસપોર્ટ કઢાવવાના ક્રિયાકાંડોમાં જીવનને અનેક પ્રકારે ગૂંથવું પડયું. મૃત્યુ પછીના મોક્ષની લ્હાયમાં પ્રભુ સાથેના સાક્ષાત્કારોને માટે વેશપલટો પણ



સ્વીકારી લીધો. પૃથ્વીપટ પર જીવનનો અસીમ આનંદ પ્રાપ્ત કરવાનો તેનો જન્મસિદ્ધ હક તેણે કેવળ ઈચ્છાઓની તૃપ્તીઓના અંધારા પડછાયાઓમાં વેડફી દીધો. જીવનમાં સત ભૂલાઈ ગયું અને એનો સંગ દુષ્કર થઈ પડયો. માણસ રવાડે ચઢી ગયો. પોતાની સાથેનો પોતાનો જીવનભરનો અણમોલ સહજ-સત્સંગ ગુમાવી બેઠો.

પરમતત્ત્વનો સાક્ષાત્કાર, પ્રફુલ્લ પુષ્પની જેમ જીવનની માટીમાં થાય છે. જીવનની અનંતતાની બહાર નહીં. શ્રી અરવિંદે અને શ્રી માએ આવીને પ્રથમ અવતારી કાર્ય એ કર્યું કે માનવ જીવનની અખિલાઈમાં આધ્યાત્મિકતાનું, તેની નીજી સચેતનતાનું, પુનઃ પ્રસ્થાપન કરી આપ્યું અને તેના જીવનની મહામહિમ ગરિમાના શિખરનું અદ્‌ભૂત દર્શન કરાવી આપ્યું. અને આ ભૌતિકતાના ડેરાની વચ્ચોવચ આત્મતત્ત્વના અને ભૌતિકતાના - Matter and spirit ના વિશિષ્ટ ઐક્યના પાયા પર દિવ્ય જીવનનો રાજમાર્ગ કંડારી આપ્યો.

આપણે ખોટા ભાગલાવાદી બની ગયા છીએ. ક્યાં તો જે એક છે તેની એકતાને વિસરી જઈને ભિન્નતાના ગાણાં ગાયે રાખીએ છીએ. અને ક્યાં તો ભિન્નતામાં રહેલા સામર્થ્યને, સૌંદર્યને પછીતમાં નાંખીને, પીછાન્યા વગર કેવળ એક અને અદ્વિતીયનો પોકળ શંખ ફૂંક્યે રાખીએ છીએ. એક અને અનેકનું અધ્યાત્મમાં અદ્‌ભૂત સાહચર્ય છે, સાધર્મ્ય છે. પુરુષ અને પ્રકૃતિની જ અગમ્ય લીલા છે. જે બે એક છે તેને આપણે શા માટે જુદા કરવા ?

આપણે જીવ, જગત અને જગન્નાથના સાધર્મ્યમાં જીવવું છે. એની સાથેના સહિયારાપણાનું સાહસ ખેડવું છે અને આપણા કુંઠિત માનવજીવનમાં વૈશ્વિક પ્રભુની ચેતનાના નગદ ઐક્યના આનંદનો જીવતો અનુભવ કરવો છે.

(ક્રમશઃ)

**નિશ્ચયે જાણું હું, તવ સ્વપ્નો સાકાર થાશે**

**અનેરા આદર્શો ગગન ચડશે, ને ગગનથીઃ**
**નવા સત્વો તત્વો અહીં અવતરી ભૂમિ ભરશે.**

શ્રી સુંદરમ્ ૨૮.૧૨.૮૦

**શ્વસુંઃ આમંત્રું હું અધિકી તારી કરૂણા.**

શ્રી સુંદરમ્ ૩૦.૧૨.૮૦

# આગામી-ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના www-sriaurobindosociety.org.in વેબ સાઈટનાં ઈ-મેગેઝીન એપ્રીલ ૨૦૦૮માં ના Next Future નો ભાવાનુવાદ-સાભાર)

## યુવાનીનું રહસ્ય

આ એકજ અઠવાડીયામાં છાપાઓમાં જુદા જુદા સંદર્ભોમાં નીચેના રૂપકો વપરાયા. ભારતનો પિકાસો, ભારતનું સ્વિટ્ઝરલેન્ડ, ભારતનો હર્લી ડેવીડસન. આવા તો ઘણા રૂપકો વહેતા થાય છે.

પણ રૂપકો પાછળ ભારતીયોની પોતાની સિદ્ધિઓ બાબત બંધાયેલી લઘુગ્રંથી જ જોવા મળે છે. પોતાની સિદ્ધિઓને આત્મવિશ્વાસ અને ગૌરવથી જગત સામે તે શા માટે નથી મૂકી શકતા ? બીજા રાષ્ટ્રની સિદ્ધિ સાથે ઉલ્લેખવાની જરૂર જ શી છે ?

પ્રાચિન ભારતીયોની સિદ્ધિઓ ઘણા કારણોસર કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગઈ છે તેમાંનું એક કારણ છે કે તે સિદ્ધિ આપણને આપણી રાષ્ટ્રીય અસ્મિતા સ્વરૂપ લાગી જ નથી.

આ ભૂલ સુધારવા આપણે આપણી વિચારસરણી જ બદલવી પડશે. આપણું છે તેને આપણી રીતે જાણતા ઓળખતા શીખવું પડશે. આપણે પેંટર હુસેનને હુસેન તરીકે, (ભારતીય પિકાસો તરીકે નહિં) કાશ્મીરને કાશ્મીર તરીકે (ભારતીય સ્વીટ્ઝરલેંડ તરીકે નહિં) અને રોયલ એન્ફીલ્ડને એન્ફીલ્ડ તરીકે (ભારતીય હર્લી તરીકે નહિ) ઓળખતા અને ઓળખાણ આપતા શિખવું પડશે.

ફરી આપણે આપણી અસ્મિતા ગુમાવવી પાલવે એવું નથી. ભારતીયોએ ભારતીય બનવું જ પડશે. સાચા અર્થમાં.

(ભારતીયો જો પોતાની અસ્મિતા નહિં જાળવી શકે તો તેમને મળેલા આધ્યાત્મિક વારસાનું પ્રદાન તે જગતને કેવી રીતે આપી શકશે ? ભારતના ભાગ્યમાં જગતના આધ્યાત્મિક ગુરૂ થવાની નિયતિ છે. એ ઈશ્વરી સંકલ્પ છે, પણ ભારતીયો અર્જુનની જેમ હાતપગ ગાળી પોતે જ 'ધર્મસંમૂઢચેતઃ' બની જશે, તો કુદરત કોઈ અન્યને નિમિત બનાવશે પણ પોતાના સમયે જ આયોજન પાર પાડશે. ભારતીયો પોતાનું મહત્-ભાગ્ય ન ચૂકે તે જોવાનું દરેક ભારતીયનું કર્તવ્ય છે. આપણે આપણા આધ્યાત્મિક વારસાને સાચા અર્થમાં ઓળખતા શિખીએ. આગામી ઉત્ક્રાંતિની તે જરૂરીયાત છે.

ઉતિષ્ઠત, જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત - જાગો, ઉઠો મળેલા વરદાનનું મહત્વ ઓળખો - તંત્રી)



# શ્રી અરવિંદનું નૂતન યોગદર્શન

પ્રકરણ - ૨ ચાલુ

## પૂર્ણયોગના લક્ષણો-દિવ્ય રૂપાંતર

- શ્રી જ્યોતિબેન થાનકી

આપણાં આ સામાન્ય જીવનને દિવ્યજીવનમાં પલટાવવાની પ્રક્રિયા એટલે પૂર્ણયોગ. પરંતુ દિવ્યજીવન વિષેની આપણી માન્યતા એવી હોય છે કે દિવ્યજીવન એટલે ચમત્કારપૂર્ણ જીવન. જેમાં પાણી પર ચાલવાની, આકાશમાં અધ્ધર ઉડવાની, હવામાંથી વસ્તુઓ સર્જવાની શક્તિઓ રહેલી હોય. યોગી ધારે તે સિદ્ધ કરી શકે. હા, સાધનાને પરિણામે સૂક્ષ્મ શક્તિઓ પર પ્રભુત્વ સ્થપાતાં કદાચ એવું બની પણ શકે, પણ યોગસાધનાનો હેતુ કદી આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો કે ચમત્કારો સર્જવાનો હોતો જ નથી. ગમે તે પ્રકારનો યોગ હોય, પણ તેનો હેતુ તો પરમાત્માની પ્રાપ્તિ કે મુક્તિનો જ હોય છે. શ્રી અરવિંદનો યોગ તો જીવનના આમૂલ પરિવર્તનનો યોગ છે. નિમ્ન પ્રકૃતિને દિવ્યપ્રકૃતિમાં પરિવર્તન કરવાની કઠોરતમ સાધના છે. આથી આ યોગ કોઈ ચમત્કાર ઉપર કે કોઈ ગૂઢતત્ત્વમાં અંધશ્રદ્ધા ઉપર કે તત્ત્વજ્ઞાનના કોઈ બૌદ્ધિક સિદ્ધાંત માત્ર ઉપર રચાયેલો નથી. પણ તે જીવનસંગ્રામમાં મળેલા નક્કર અનુભવો પર રચાયેલો છે. આથી આ યોગમાં મન કે બુદ્ધિને પ્રભાવિત કરે કે પ્રાણને આકર્ષે એવા કોઈ ચમત્કારોને સ્થાન જ નથી. અને છતાં પૃથ્વી ઉપર હજુ સુધી ક્યારેય નહીં થયેલો એવો મોટામાં મોટો ચમત્કાર આ યોગ દ્વારા બની આવે છે, અને તે છે માનવચેતનાનું પ્રભુની ચેતનામાં રૂપાંતર.

**રૂપાંતર એટલે શું ?**

પૂર્ણયોગમાં પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે. પણ આ રૂપાંતર એટલે શું ? અને તે કેવી રીતે કરી શકાય ? આવા પ્રશ્નો આપણાં મનમાં સહજપણે ઉદભવે છે. આ પ્રશ્નોના ઉત્તર શ્રી અરવિંદે શિષ્યોને લખેલા પત્રોમાંથી અને શ્રી માતાજીએ બાળકો સમક્ષ આપેલા વાર્તાલાપોમાંથી આપણને મળી રહે છે. તેના આધારે રૂપાંતર એટલે શું, તે સમજવા માટે શ્રી અરવિંદ યોગદર્શનના બે મુખ્ય આધારસ્થંભ ઉત્ક્રાંતિ અને અતિમનસ વિષે સમજવું જરૂરી છે.

**ઉત્ક્રાંતિ :**

શ્રી અરવિંદની દૃષ્ટિએ ઉત્ક્રાંતિના સાત સોપાન છે. સહુથી ઉપર પરમતત્વ પોતે જ છે. નામરૂપથી પર, અનાદિ, અનંત. પણ એ પ્રગટ થાય છે સત્ ચિત્ અને આનંદ રૂપે. આ સત્, ચિત અને આનંદ એ પરમતત્વના જ લક્ષણો છે. પણ આ સચ્ચિદાનંદના સોપાનને પાર કરીએ ત્યારે જ પરમતત્ત્વને પામી શકાય. પણ સચ્ચિદાનંદ રૂપે પણ આ પરમતત્ત્વ અવ્યક્ત છે. જ્યારે તે વિશ્વસર્જનની દિશામાં ગતિ કરે ત્યારે જે પ્રથમ રૂપ લે છે, તે છે અતિમનસ. અતિમનસ એ પરમાત્માની પોતાની જ સર્જન માટે સક્રિય થયેલી શક્તિ છે. જેને વેદમાં વિજ્ઞાનમય ચેતના કે ઋતચેતના કહેવામાં આવી છે. તે વિશ્વની આદિ વિધાત્રી શક્તિ છે. તે પૂર્ણશક્તિ છે. તે પરમાત્માની પોતાની શક્તિ હોઈને તે જ્ઞાનરૂપ છે, અખંડ છે. પૂર્ણ છે, તેજોમય છે. સક્રિય છે. આ ચાર સોપાનો સત્ ચિત્ આનંદ અતિમનસ એ ઉર્ધ્વના - પરમાત્માની ચેતનાના સોપાનો છે, જે ઉત્ક્રાંતિમાં હજુ સુધી સિદ્ધ થયાં નથી. પરંતુ પ્રકૃતિએ ઉત્ક્રાંતિની યાત્રામાં નિમ્નભૂમિકાના ત્રણ સોપાનો સર કર્યા છે. અને તે છે, જડતત્ત્વ, પ્રાણતત્ત્વ અને મનસતત્ત્વ.

**શ્રી અરવિંદે આપેલી સમજૂતિ :**

શ્રી અરવિંદ કહે છે, ''ભૌતિક વિશ્વના સર્જનમાં એક અવતરણ પામતી ચેતનાએ બાહ્યઅચિત્‌માં ભૂસકો માર્યો અને હવે એ અચિત્‌માંથી ફરીથી એક પછી એક ક્રમમાં દૃશ્યમાન થાય છે. જ્યારે સૃષ્ટિનું સર્જન નહોતું થયું ત્યારે તો બ્રહ્માંડમાં પરમતત્ત્વ પોતે જ એકલું વ્યાપ્ત હતું. જ્યારે એ તત્ત્વે સર્જનની ઈચ્છા કરી ત્યારે તેણે પોતાનામાંથી ચેતનાને સર્જી, સર્જનને માટે પ્રગટ થયેલી પરમાત્માની આ ચિતિશક્તિમાં જડતત્ત્વ,પ્રાણતત્ત્વ, મનસતત્ત્વ અને પરમતત્ત્વ આ બધું જ અંતર્નિહિત હતું. સૃષ્ટિના સર્જન માટે આ ચેતના શક્તિએ ઘનઅચિત્‌માં અવતરણ કર્યું. પોતે તેમાં લુપ્ત થઈ ગઈ. પછી એ ઘનઅચિત્‌માંથી જડતત્ત્વ પ્રગટ થયું. આ જડતત્ત્વમાં ચેતનાશક્તિ અંતર્નિહિત હતી જ. લાખો વરસે જડતત્ત્વ મુલાયમ બનતાં તેમાં પ્રાણશક્તિએ અવતરણ કર્યું, ત્યારે તેમાં ગુપ્તપણે રહેલું પ્રાણતત્ત્વ પ્રગટ થયું અને પ્રાણીઓ સર્જાયા. હજારો વરસે જડતત્વે પ્રાણ તત્વને પુરેપુરું પચાવી લીધું ને વધુ મુલાયમતા ધારણ કરી એટલે તેમાં મનશક્તિએ અવતરણ કર્યું અને તેની અંદર રહેલું મનસતત્ત્વ પ્રગટ થયું તથા મનની શક્તિવાળાં મનુષ્યો સર્જાયાં. આ



ચેતનાશક્તિ ક્રમશઃ વિકાસ કરતી જ રહી છે. આદિમાનવો કરતાં અત્યારના મનુષ્યો વધારે બુદ્ધિશાળી છે. એમનાં શરીર પણ વધારે મુલાયમ, નમનીય અને સુંદર છે.

આ રીતે સર્જન માટે અચિત્‌માં ઊતરી આવેલી પરમાત્માની એ ચિતિશક્તિએ લાખો વરસની યાત્રા બાદ અત્યાર સુધીમાં ત્રણ સોપાનો સર કર્યાં છે. જડતત્ત્વ, પ્રાણતત્ત્વ અને મનસતત્ત્વ. આપણે મનુષ્યો આ ત્રીજા સોપાને ઉભેલાં છીએ. અત્યારે મનુષ્યોમાં મનની શક્તિ જ સર્વોપરી જણાય છે. જો કે એ પણ પરમાત્માની જ શક્તિ છે, એટલે એ સર્વોચ્ચ નથી. અજ્ઞાનમય છે. ભેદવાળી છે. તેથી તે ભૂમિકામાં દુઃખ રહેલું છે. મનની ભૂમિકામાં સાચો આનંદ કે શાંતિ પણ નથી. જીવનની સમસ્યાઓનો પૂર્ણ ઉકેલ પણ નથી. સાચા આનંદ, શાંતિ અને પૂર્ણતા માટે તો ચેતનાશક્તિએ ચોથું તત્ત્વ જે હજુ સુધી પ્રગટ કર્યું નથી, તે પ્રગટ કરવાનું રહે છે. દિવ્યચિતિશક્તિની આ સર્વોચ્ચ ભૂમિકા એ પરમતત્ત્વની ભૂમિકા છે. જેને શ્રી અરવિંદે અતિમનસ નામ આપ્યું છે. ચેતનાનું આ ચોથું સોપાન ઉત્ક્રાંતિ પ્રમાણે જ્યારે જડતત્ત્વ મનસતત્ત્વને પૂરેપૂરું પચાવી લે ત્યારે ઊર્ધ્વમાંથી એ શક્તિનું અવતરણ થતાં જડતત્ત્વની અંદર ગુપ્તપણે રહેલું પરમતત્ત્વ પ્રગટ થશે અને ત્યારે આત્મતત્ત્વને જ પ્રગટ કરાવનારી નવી અતિમાનવ જાતિ સર્જાશે અને તેમને કોઈ દુઃખ, દરદ, વેદના કે અજ્ઞાન નહીં હોય. કેમકે એ પરમાત્માની પૂર્ણચેતનાને જ ધારણ કરતી હશે.

હવે જે રીતે પ્રાણીઓમાંથી મનની શક્તિનો ઉપયોગ કરનારા પ્રાણીઓ અને પછી તેમાંથી મનુષ્યો સર્જાતાં લાખો વરસ વીતી ગયાં, એ જ રીતે મનથી અતિમનસ ચેતનાવાળા દિવ્યમાનવો સર્જાતાં લાખો વરસ વીતી જાય. પરંતુ જો કોઈ જાગૃતપણે સાધના દ્વારા ચેતનાનો વિકાસ કરીને જડતત્ત્વને મુલાયમ બનાવીને, તેમાં અતિમનસ ચેતનાનું ઊર્ધ્વમાંથી અવતરણ અને તેમાં રહેલી અતિમનસ ચેતનાને જાગૃત કરી સક્રિય કરે તો પ્રકૃતિની ઉત્ક્રાંતિની યાત્રાના હજારો વર્ષ ટૂંકાવી શકાય. અને શ્રી અરવિંદે પોંડિચેરીમાં એક ઓરડામાં રહીને ૪૦ વર્ષ સુધી જે પ્રખર સાધના કરી તે સાધના જડતત્ત્વને મુલાયમ બનાવીને તેમાં અતિમનસનું અવતરણ અને તેને સક્રિય કરવાની હતી. આથી જડતત્ત્વમાં જે ચોથી ભૂમિકા બાકી હતી, તે અતિમનસના અવતરણ દ્વારા તેમણે સિદ્ધ કરીને આત્મતત્ત્વને જડતત્ત્વમાં પ્રગટ કર્યું. તેના પરિણામે હવે

અતિમાનવ જાતિનું આગમન શક્ય બન્યું. આ પરમતત્ત્વને જડતત્ત્વમાં ઉતારવા માટેનો જે સાધના માર્ગ એમણે આપ્યો છે તે છે, નિમ્નપ્રકૃતિના દિવ્યરૂપાંતરનો માર્ગ.

**દિવ્યરૂપાંતરની પ્રક્રિયા :**

યોગ દ્વારા જડતત્ત્વમાં આત્માને પ્રગટાવવાનો છે. મનુષ્યની અંદર પ્રભુના સ્વરૂપને પ્રગટ કરવાનું છે. જડમાં અને ચેતનામાં પ્રભુ પ્રગટે એ જ છે રૂપાંતરનો યોગ. શ્રી અરવિંદ કહે છે, ''જડતત્ત્વ પર આત્માનો નિયમ મૂકી આપવો માનવપ્રકૃતિમાં પ્રભુની પ્રકૃતિ મૂકી આપવી, જડચેતનાની ઘનતામાં ક્રમશઃ આત્માનો આર્વિભાવ થવો અને દેખીતા પશુપ્રાણીમાંથી ધીમે ધીમે પ્રભુના પોતાનાં સ્વરૂપનું જ પ્રગટવું એ ઉત્ક્રાંતિ છે, પ્રભુના દિવ્ય આત્મઆર્વિભાવની આ પ્રક્રિયા માટે યોગ તે સાધના છે, આ દેખીતા પશુ પ્રાણીમાંથી પ્રભુનું પ્રગટવું એ જ રૂપાંતર છે. પ્રભુને પ્રગટાવવા માટે આ રૂપાંતરનો યોગ છે. પણ રૂપાંતરની આ સાધના માટે તો મનથી ઉપર ઊઠવું પડે. કેમકે અત્યારના તબક્કે આપણી પાસે કાર્ય શક્તિ માટેનાં જે ત્રણ કરણો મન, પ્રાણ અને દેહ, આ ત્રણેય નિમ્ન પ્રકૃતિને આધીન છે. અજ્ઞાનમાં છે. આ કરણોમાં દિવ્યચેતના શક્તિને સક્રિય કરવાની છે. જો તેમાં પરમાત્માનો પૂર્ણ પ્રકાશ ઊતરે તો જ આ કરણોની અત્યારની ભૂમિકા બદલાય. હવે આપણું સર્વોચ્ચ કરણ મન તો છે પૂર્ણશક્તિનો સાવ નાનકડો અંશ અને પાછો તે નિમ્ન પ્રકૃતિથી ઘેરાયેલો ને અજ્ઞાનમાં ડૂબેલો. તેનામાં પ્રાણશક્તિ કે જડતત્ત્વની પ્રકૃતિ બદલવાની શક્તિ નથી. વળી ઊર્ધ્વમાંથી દિવ્યશક્તિને ઉતારી શકે તેને સક્રિય કરી શકે તેવી પણ તેનામાં શક્તિ નથી. જો આ કરણોમાં પ્રભુની શક્તિ ઊતરે અને સક્રિય બને તો જ તેનું રૂપાંતર થાય. આથી આ માટે મનથી વધારે પ્રબળ શક્તિવાળી ચેતનાશક્તિની જરૂર છે. અને તે છે આપણો આત્મા કે જે પરમાત્માનો અંશ છે. આથી આત્માના પોકારથી જ પરમશક્તિ આપણાં અજ્ઞાનમય કરણોમાં ઊતરી ને પછી તેમાં સક્રિય બનીને આ કરણોને દિવ્યતામાં ઢાળે છે. આમ દિવ્યરૂપાંતરની પ્રક્રિયા માટે આત્મજાગૃતિ - આત્મસાક્ષાત્કાર અનિવાર્ય છે. એ પછી જ રૂપાંતરની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

**ક્રમશઃ**



# અમૂલ્ય - એક ચિંતનિકા

- હર્ષદભાઈ ઠકરાર

અમુલ્ય શબ્દને આપણે ખુબજ સસ્તો બનાવી દીધો છે. અમુલ્ય શબ્દના બે અર્થ થાય છે, એક, જેનું કશું મુલ્ય નથી, બે, જેનું મૂલ્ય આંકી શકાય નહીં.

પાર્થિવ ચેતનામાં રાચતી વ્યક્તિ અમૂલ્યનો પ્રથમ અર્થ તારવે છે. જ્યારે દિવ્ય ચેતનામાં જીવતી વ્યક્તિ દ્વિતીય અર્થ તારવે છે.

સહજ-સત્સંગમાં માતૃચરણેના સંદર્ભમાં અમોએ અમૂલ્ય શબ્દનો પ્રયોગ જે કર્યો હતો, તેનો હેતુ દ્વિતીય હતો, કારણ શ્રી માતાજી અને શ્રી અરવિંદના શબ્દોને આપણે કોઈ મૂલ્ય દ્વારા સીમિત કરી શકીએ નહીં.

શ્રી માતાજીના અને શ્રી અરવિંદના શબ્દોએ ફક્ત શબ્દો નથી, પરંતુ તે શબ્દો પાછળ એક દિવ્ય ચેતના રહેલી છે. દિવ્ય ચેતના ક્યારેય પણ કોઈ પણ સ્થળ કાળ તથા ભૌતિક પરિમાણથી સીમિત થઈ શકે નહીં.

કોઈ બુલેટ હોય તે બુલેટને આપણે કોઈ વ્યક્તિ ઉપર ઘા કરીએ ત્યારે તે બુલેટ વ્યક્તિ ઉપર કોઈ પણ પ્રકારની અસર કરતી નથી. પરંતુ આ જ બુલેટને જો પિસ્તોલ અથવા રીવોલ્વરમાં ભરીને વ્યક્તિ ઉપર ફાયરિંગ કરવામાં આવે તો તે બુલેટ વ્યક્તિનાં શરીરની આરપાર નીકળી જાય છે.

આ રીતે સામાન્ય વ્યક્તિ દ્વારા જે શબ્દો બોલાય છે. તે શબ્દો ફક્ત ખોખલા જ હોય છે. પરંતુ જ્યારે તે જ શબ્દોની પાછળ દિવ્યશક્તિ કાર્ય કરતી હોય છે, તો તે જ શબ્દો મંત્ર બની જાય છે. આમ આપણા માટે શ્રી માતાજી અને શ્રી અરવિંદનો પ્રત્યેક શબ્દ મંત્ર સ્વરૂપે રહેલો છે.

ભૌતિક કે પાર્થિવ વસ્તુને પરિમાણ હોય છે. મન, પ્રાણને પરિમાણ હોતા નથી. આપણે સમાજમાં કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી કોઈપણ પરિમાણથી વ્યક્ત કરી શકતા નથી. તો પછી આપણે દિવ્ય શક્તિ પ્રત્યેના આપણા ભાવોને તો ક્યા પરિમાણથી બાંધી શકવાના હતા ? એટલે સહજ-સત્સંગમાં અમુલ્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો.

પોસ્ટલ ડીવાઈએનના નિયમને આધીન રહીને અમારે નિશ્ચિત લવાજમ શબ્દનો ઉપયોગ કરવો પડેલ છે. એટલે જ તો અમોએ લવાજમ શબ્દ સાથે માતૃચરણે અર્પણ શબ્દનો ઉપયોગ કરેલ છે. કારણ કે અર્પણ શબ્દમાં પ્રભુ પ્રત્યેની ભક્તિ તથા સમર્પણ ભાવ આવે છે. આમ સાધક સહજ-સત્સંગને જો

આર્થિક મદદ કરે છે, તે ભૌતિક મદદ નથી પરંતુ તે સાધકની ભક્તિ, સમર્પણભાવ દર્શાવે છે. અને તેમાં સહજ-સત્સંગ, બાબતનો સહિયારો-ભાવ હોય છે.

ઉપરોક્ત હકીકતે સહજ-સત્સંગ ભૂતકાળમાં હતું તેટલું જ અમુલ્ય રહેશે. કારણ કે સહજ-સત્સંગ એ કોઈ વ્યક્તિનો સંકલ્પ નથી, પરંતુ દિવ્યશક્તિનો સંકલ્પ છે.

લંકા જવા માટે શ્રી રામની સેના જ્યારે સેતુ બાંધતી હતી, તે સેતુમાં ખીસકોલી તેની ક્ષમતા મુજબ રેતીના કણો નાખી સહભાગી થઈ હતી. તે રીતે આપણે સૌ આપણી ક્ષમતા મુજબ સહજ-સત્સંગને માતૃચરણે અર્પણ મોકલી સહભાગી બનતા રહીએ અને આપણી ભક્તિ તથા સમર્પણની અભિવ્યક્ત કરીએ.

આપણો ભાવ છે ''સહ વીર્ય કરવાવહૈ:''

આ આપણું સહિયારું સાહસ બની રહે.

આ આપણો સામુહિક જ્ઞાન-યજ્ઞ બની રહે.

આ આપણી સહિયારી - ભક્તિ બની રહે. આ આપણી સહિયારી સાધના બની રહે... વાચક અને લેખક, વ્યવસ્થાપક અને પ્રકાશન કાર્યનાં કાર્યકર્તા બધા જ આ સામુહિક સાધનાના સમાન સ્તરનાં યજમાન છે. કારણ આપણે બધા જ જગન્માનાં બાળકો છીએ અને તેમનું કાર્ય કરવા આ દિવ્ય-પ્રસંગે અહિં ધરતી ઉપર અવતર્યાં છીએ. આપણા ચૈત્ય પુરૂષે જન્મ લેતા પહેલા કરેલો સંકલ્પ યાદ કરો, તેની સાથે આપણી આજની જીવાતી જીવન-શૈલીને સરખાવો અને વિવેક બુદ્ધિથી પોતાની વિકાસ દિશા નિશ્ચિત કરો-

''ક્રતોઃ સ્મર કૃતં સ્મર''

**વિજયવંતા તવ કર, મા અમ શિરે તું ધરજે.**

**ચલો, ઓ આકાશે પ્રખર રવિ રહેશે ઝળહળી,**
**નગારાં તારાં સૌ વિજયઘડી ગાશે ગડગડી.**
શ્રી સંદરમ્ ૨૪.૧૨.૮૦



# સાવિત્રી–સાર

## પ્રકરણ-૬૯ : **દિવ્ય-જીવનનું ઘડતર**

(Savitri - B-1, C-3, P 26)

- માન

અશ્વપતીનું સમગ્ર જીવન હવે વિશ્વાતીત-ચેતનાએ પોતાના કબજામાં લીધું હતું અને તેને સાધન બનાવી તે ભૌતિક સ્તરે કામ કરતી હતી. વિશ્વાતીત-ચેતનાની પ્રચંડ શક્તિને કારણે અશ્વપતીના સ્વરૂપમાં ઝડપી રૂપાંતર આવવા માંડ્યું હતું. વિશ્વાતીત-ચેતનાનાં હાથોમાં જાણે રૂપાંતર કરી નાખવાની ગજબની ક્ષમતા હતી. તે વિશ્વાતીત ચેતનાએ અશ્વપતીના સ્વરૂપને સહજ રીતે, વિના સાયાસ, ઉપાડી લીધું હતું અને કોઈ કુશળ બાણાવળી પોતાના ધનુષ્યને સહજ ધારણ કરીને શર-સંધાન કરે તેમ હળવાશથી તે સ્વરૂપનો ઉપયોગ કરી રહી હતી. "He" એટલે અહિં આવી વિશ્વાતીત - ચેતના, જે અશ્વપતીનાં સ્વરૂપ દ્વારા કાર્ય કરી રહી છે. He નો H તેથી કેપિટલ દર્શાવ્યા છે. અહિં He એટલે અશ્વપતીની માનવી-ચેતના એવો અર્થ નથી.

વિશ્વાતીત - ચેતનાએ અશ્વપતીનાં સ્વરૂપમાં અનંતભૂતકાળથી તંદ્રામાં પડેલી દિવ્ય-શક્તિઓને જગાડીને તેની દ્વારા કામ કરવાની શરૂઆત કરી દીધી હતી. માનવમાં આ શક્તિઓ સુપ્ત અવસ્થામાં હોઈને માનવ તે બાબત અજાણ જ હોય છે. તે તેનો ઉપયોગ પણ કરી શકતો નથી. તે શક્તિઓ વણવપરાયેલી ત્યાં પડી રહે છે. આવી શક્તિઓ જ્યારે સક્રીય બની જાય છે ત્યારે આશ્ચર્ય સર્જે છે. તેમની પ્રચંડ કાર્ય-ક્ષમતાઓ પ્રગટ થવા લાગે છે. સામાન્ય કાર્ય પણ અસામાન્ય પરિણામ લાવતા દેખાય છે. જાણે પ્રભુની પળ શરૂ થઈ હોય એવું લાગે છે. તે સર્વસામાન્ય કાર્ય પણ હવે પ્રભુના આયોજનનો એક ભાગ બની જાય છે. પ્રભુના નિમિત્ત બનેલાંઓની દૈનંદીન જીવનની ક્રિયાઓ પણ પ્રભુના કાર્યની નિમિત્ત બનવા માંડે છે, તેમનું ખાવું-પીવું ઉઠવું, બેસવું, બોલવું બધું જ મધુર અને દિવ્ય-લીલા સ્વરૂપ બનવા લાગે છે.

''મધુરાધિપતેરખિલં મધુરમ્'' - એવો જ ભાવ સામાન્ય માનવનો થાય છે.

વળી આવી વ્યક્તિ તો ખૂબજ સહજ રીતે વર્તતી હોય છે. તેમાં કોઈ દિવ્ય-કાર્ય કરવાનો અભિનિવેશ કે ભાવ હોતો જ નથી. તેનું તે ''સહજ કર્મ'' બની જાય છે. તે પ્રભુના કાર્યમાં જે રીતે રાતદિવસ મથતો હોય છે; થાક વગર, કંટાળા વગર, કાંઈ મેળવવાની અપેક્ષા વગર. તે જોતાં તેવું કામ સામાન્ય માનવને અસંભવ લાગવા માંડે છે. સામાન્ય મર્ત્યમાનવ તો તેનો અખંડ પૂરૂષાર્થ જોઈને ભાંગી પડે છે.

તેથી શ્રી અરવિંદ લખે છે ક

In hands sustained by a transfiguring Might
He caught up lightly like a giant's bow.
Left slumbering in a sealed and secret cave.
The powers that sleep unused in man within.
He made of miracle a normal act.
And turned to a common part of divine works.
Magnificently natural at this height,
Efforts that would shatter the strength of mortal hearts.

શ્રી અરવિંદ આ સમગ્ર વર્ણનમાંખાસ સૂચક શબ્દો વાપરે છે. જે સમજી લેવા જરૂરી છે. શ્રી અરવિંદ તે વિશ્વાતીત - ચેતનાની શક્તિને Might કહે છે અને આદ્યાક્ષર કેપિટલ કરીને તે દિવ્ય-શક્તિઓ છે એમ જણાવે છે. અશ્વપતીનું સ્વરૂપ માનવી સ્વરૂપ હતું. પણ તેણે પોતાના સ્વરૂપને વિશ્વાતીત કક્ષાના 'ઈશ્વર'ની ચેતના સાથે એકરૂપ કરી દીધેલ હોવાથી તેનું માનવી શરીર હવે ક્ષુદ્ર માનવી શરીર રહ્યું નથી. તેથી જ્યારે વિશ્વાતીત-ચેતના અશ્વપતીના સ્વરૂપને ધનુષ્યતરીકે શરસંધાન કરવા, પોતાનો હેતુ પાર પાડવા વાપરે છે ત્યારે તે ક્ષુદ્ર ધનુષ્ય ન રહેતા giant's bow વિશાલતમ સ્વરૂપનું અતિવિશાળ ધનુષ્ય બની જાય છે. ગાંડીવ કે શિવ-ધનુષ બની જાય છે.

આગળ જતાં અશ્વપતીમાં સૂપ્ત રહેલી દિવ્ય-શક્તિઓને શ્રી અરવિંદ sealed and secret cave માં રહેતી વર્ણવે છે તેનું કારણ પણ આપણે સમજી લેવાનું છે.

માનવી-હૃદયને ઉપનિષદ-કાળથી 'ગુફા' તરીકે વર્ણવવાની રીત છે.



'હૃદયગુહાયામ્'' આ શબ્દ તો વારંવાર આવે છે. આને જ 'કૂટ' પણ કહે છે. 'કૂટ' એટલે બખોલ, તેમાં ગૂઢરીતે રહેતી ચેતનાને કૂટસ્થ ચેતના કહે છે. માનવી હૃદયને 'દહર' પણ કહે છે. તેનો અર્થ પણ ગુફા અથવા 'દર' એવો જ થાય છે. ઉપનિષદોની 'દહર-વિદ્યા' આ હૃદયની વિશેષતા ઉપર જ આધારીત છે. હૃદય એટલે અંતઃકરણ. એવી તો શું વિશેષતા આ અન્તઃકરણમાં છે. જેથી તેને અતિ મહત્વ આપવામાં આવે છે ? આ માટે વૈદિક માનસશાસ્ત્રનો થોડો ખ્યાલ હોવો જરૂરી છે.

અન્તઃકરણનો શબ્દશઃ અર્થ 'આંતરિક ઈન્દ્રીયો' એવો થાય છે. જેમ આંખ, કાન, નાક, જીભ અને ત્વચા આ બાહ્ય ઈન્દ્રીયો છે, જે જગતની વસ્તુઓ બાબત આપણને જ્ઞાન આપે છે. તેમ આપણી મનોમય અને પ્રાણમય કક્ષા તેમજ ચૈતસિક કક્ષાએ જે ઘટનાઓ આપણા આંતરિક સ્વરૂપમાં (શૂક્ષ્મ અને કારણ શરીરમાં) બનતી હોય છે, તેમને જાણવાનાં સાધનો એટલે આપણું આ અન્તઃકરણ છે. તેથી જ તેને 'આંતરિક ઈન્દ્રીયો' કહેવામાં આવે છે.

આ આંતરિક ઈન્દ્રીયો બાહ્યજ્ઞાનની ક્રિયામાં પણ વપરાય જ છે. ઈન્દ્રીયો દ્વારા આવતા સંવેદનોને ગ્રહણ કરી, તેમને ગોઠવી તેનું અર્થઘટન કરી અને અંતે જીવનમાં તેનો ઉપયોગ કરવાનું કામ આ અન્તઃકરણ કરતું હોય છે.

અન્તઃકરણ એ એકજ ઈન્દ્રીય નથી. પણ ચાર ઈન્દ્રીયોનું બનેલું સામુહિક સાધન છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર તેના વિભાગો છે. મન બાહ્ય-ઈન્દ્રીયોના અલગ અલગ સંવેદનોને ગોઠવી, બુદ્ધિ સામે રજૂ કરે છે. બુદ્ધિ આ સંવેદનોનું અર્થ-ઘટન કરવાનું કામ કરે છે. ચિત્ત ભુતકાળના અનુભવોને સંગ્રહી રાખી અવચેતન સર્જે છે. અને બુદ્ધિના અર્થ ઘટનના પ્રસંગે તેમને સ્મૃતિ' તરીકે રજુ કરે છે. આ 'સ્મૃતિ'ના આધારે બુદ્ધિ અર્થઘટન કરે છે અને સમજણ અથવા જ્ઞાન નિર્માણ કરે છે. જેનો ઉપયોગ અહંકાર પોતાના વિકાસમાં કરે છે.

આવી રીતે અન્તઃકરણ ચાર ભાગમાં વહેંચાએલું હોવાથી શાસ્ત્રોમાં 'અન્તઃકરણ-ચતુષ્ટય' એવો શબ્દ વાપરે છે.

પણ આ પૈકી ચિત્તનું એક બીજું પણ કાર્ય છે. તે ફક્ત ભૂતકાળનાં અનુભવો સંગ્રહી રાખતું નથી પણ જો તેને શુદ્ધ કરવામાં આવે, શાંત કરી દેવામાં આવે તો તે ઉર્ધ્વમાંની શક્તિઓ અને ચેતનાઓને ઝીલી તેમનો પ્રવેશ માનવી સ્વરૂપમાં પણ કરાવે છે. ચિત્ત એ માનવનું દિવ્ય-શક્તિ અને ચેતનાને ધારણ કરનાર એન્ટેના જેવું છે. તેનું તે કાર્ય માનવમાં પ્રસંગોપાત થતું દેખાય છે. લોકોને

આવતી અદ્‌ભૂત અનુભૂતિઓ, દર્શનો, પ્રભુની હાજરીનો અનુભવ, દિવ્ય-શક્તિનાં અવતરણ અને વહનના અનુભવ, આવા તો અનેક ગૂઢ અને દિવ્ય-અનુભવો ચિત્તને થતાં હોય છે. આ તેની દિવ્ય-ક્ષમતા હોય છે. પણ તે માટે તેને શુદ્ધ કરવું પડે છે. તેથી જ શાસ્ત્રોમાં 'ચિત્ત-શુદ્ધિ' ને અનેરૂં મહત્વ આપેલ છે.

ચિત્તના આવા દિવ્ય અને ગૂઢ અનુભવોનું અર્થઘટન કરીને સમજણ પેદા કરનાર બુદ્ધિને જ શૂક્ષ્મબુદ્ધિ કહેવામાં આવે છે. ગીતાનું બુદ્ધિગ્રાહ્યમ્-અતીન્દ્રિયમ્ આ ઉલ્લેખ અને 'શૂક્ષ્મબુદ્ધયા ગ્રાહ્યમ્' જાણવાનો આ અખતરો ઉપર મુજબનો જ હોય છે.

આવી રીતે આ ચિત્તમાં અવચેતનનો જ જટીલ અને ગૂઢ સંગ્રહ હોય છે. તે ગુપ્ત હોવાથી તેને sealed 'બંધ' તરીકે વર્ણવી શકાય છે. તેમજ તે સામાન્ય માનવને અજ્ઞાત હોવાથી secret પણ કહી શકાય છે આ છે sealed and secret નો સામાન્ય અર્થ - પણ શ્રી અરવિંદ ફક્ત આ જ અર્થમાં ચિત્તને, તે ગુફાને, sealed and secret કહેતા નથી પણ વધારે ગહન અર્થમાં તે શબ્દો પ્રયોજે છે.

તેમનું કહેવું એ છે કે શુદ્ધ ચિત્તનું અસ્તિત્વ અને તેની ગજબની ક્ષમતાઓ પણ સામાન્ય માનવ માટે sealed and secret જ છે. તેવી ક્ષમતાઓ હવે અશ્વપતીને હસ્તગત થવાથી જ પેલી દિવ્ય-શક્તિઓ જે અત્યાર સુધી જાણે તંદ્રામાં ઉર્ધ્વકક્ષાએ રહેલી હતી તે જાગૃત થઈને ચિત્તમાં અવતરણ પામવા લાગી અને તેથી અશ્વપતીના શુદ્ધ ચિત્ત અને શૂક્ષ્મબુદ્ધિમાં અનેક ગૂઢ અને દિવ્ય સત્યો પ્રગટ થવા લાગ્યા. આ ગહન અર્થ "sealed and secret cave" નો છે.

શ્રી અરવિંદ આ દિવ્ય-શક્તિના ઘસારાને કારણે સામાન્ય માનવની અન્તકરણની ક્ષમતાઓ તો ટુકડે ટુકડા થઈ જશે એવું જણાવે છે. જ્યાં સુધી ચિત્ત શુદ્ધિ ન થાય ત્યાં સુધી આવી દિવ્ય-શક્તિઓનું અવતરણ અપાયકારક અથવા ઘાતક બની શકે છે એમ શ્રી અરવિંદ જણાવે છે. દિવ્ય-શક્તિઓને યોગ્ય રીતે ધારણ કરવા શુદ્ધ અને નિર્મળ ચિત્તની જરૂર હોય છે. ભગીરથને ગંગાવતરણમાં ભગવાન શીવની સહાય આ કારણે જ લેવી પડેલી. જો ચિત્ત પુરેપુરૂ શુદ્ધ ન હોય તો તેના ઉપર વિવિધ પ્રકારનાં પરિણામો થતાં શાસ્ત્રોમાં વર્ણવેલા છે. તેવા અવતરણને કારણે સાધકનું ચિત્ત જડ, મૂઢ, પિશાચવત્, અથવા બાલકવત્ થતું વર્ણવેલ છે.



જડભરતનું ચિત્ત તેને કારણે જડ થઈ ગયેલું. તેઓ જડવત્ જ જીવતાં તેથી જ તેમને જડભરત કહેતા. દિવ્ય-શક્તિના ઘસારાને કારણે તેમનું ચિત્ત કચડાઈ, ચગદાઈ જાય છે અને સંવેદનશીલતા પુરેપુરી ગુમાવી દે છે. આના કરતા ચિત્તની મૂઢતા એ સૌમ્ય પ્રકાર છે. તેમાં ચિત્ત કચડાઈ જતું નથી પણ ગુંગળામણ અનુભવે છે. અણસમજણ અનુભવે છે. અવઢવ અનુભવે છે.

ચિત્ત જેમ ઉર્ધ્વ-અનુભૂતિઓની ધારક છે તેમ દૈનંદીન જીવનમાંના જ્ઞાન મેળવવાની પ્રક્રિયામાં પણ સ્મૃતિ તરીકે કામ કરતું હોય છે. પણ આ સ્મૃતિનું કાર્ય જ જો ઠપ્પ થઈ જાય અથવા મંદ પડી જાય તો અનુક્રમે જડતા અને મૂઢતા આવે છે. મૂઢતા બે રીતે પ્રગટ થાય છે. પ્રતિભાવ ન આપવાની ટેવ અથવા વિકૃત પ્રતિભાવ આપવાની ટેવ. જ્યારે પ્રતિભાવ અપાતો જ નથી ત્યારે તેને મૂઢતા કહે છે. જ્યારે પ્રતિભાવ લોકમાન્ય સ્વરૂપે અપાતો નથી ત્યારે તેને પિશાચભાવ કહે છે. સાધક ગાંડાની જેમ વર્તવા લાગે છે. પિશાચવત્ વર્તન એ ત્રીજો પ્રકાર થયો. ચોથો પ્રકાર છે બાલકવત્ અર્થાત બાળક જેવો સ્વભાવ. તેમાં પિશાચવત્ હિંસાનો ભાવ હોતો નથી પણ નિષ્પાપતાનો, નિરાગસતાનો ભાવ હોય છે.

આ ચારે પ્રકારની વિકૃતિ - જડ, મૂઢ, પિશાચવત્ અને બાલાકવત્ - થવાનું કારણ શ્રી અરવિંદના મતે સાધકે હજી પોતાનું રૂપાંતર સાધેલ નથી, એ હોય છે. શ્રી અરવિંદ રૂપાંતરને તેથી જ ખૂબજ મહત્વ આપે છે. જો રૂપાંતર થએલ હોય તો કેવી રીતે સાધક વર્તન કરે છે. તેનું વર્ણન હવે અશ્વપતીના વર્તન દ્વારા શ્રી અરવિંદ જણાવે છે.

શ્રી અરવિંદ જણાવે છે કે અશ્વપતીનું વર્તન એક સમર્થ વ્યક્તિના સહજ વર્તન જેવું હતું. તેમાં ભવ્યતા હતી. અને અશ્વપતી ખૂબજ સ્વસ્થ રીતે વર્તન કરી રહ્યો હતો. શ્રી અરવિંદ વર્ણવે છે કે તેનું વર્તન "pursued in a royalty of mightly ease" હતું. તે સહજ ભવ્ય અને છતાં શક્તિશાળી હતું તે વિષે શ્રી અરવિંદ જણાવે છે. તેઓ કહે છે કે તેના જીવનનો હેતુ એટલો બધો ઉચ્ચ અને ભવ્ય હતો કે સર્વ સામાન્ય પ્રકૃતિ ધરાવતા સંસારાસક્ત માણસની રોજીંદી ઈચ્છાઓ તેની સામે ક્ષુદ્ર અને નિમ્નતમ લાગતી હતી. શ્રી અરવિંદ લખે છે કે "Aims too sublime for Nature's daily will. તેના મનમાં આત્મતત્વના ઉદાત્ત ભાવો જન્મતા અને આવા ભાવોની તો સતત વણઝાર ચાલુ હતી. તે ભાવો જાણે આત્માએ મોકલેલી મનપસંદ ભેટ-સોગાદો હતી. "The gifts of

the spirit crowding came to him" અને આવી આત્માની ભેટ-સોગાદોને અશ્વપતી પોતાના જીવનનો એક ભાગ બનાવી લેતાં. તેને જીવનમાં ઉતારીને જીવનના સદ્ગુણો તરીકે વિકસાવવા. દૈવી-સંપતિ તરીકે વધારતા. અને તેથી તેમનું વ્યક્તિત્વ વધારે નિખરી ઉઠતું. તે અજોડ અને આદરણીય બની જતું. તેની વિશેષ ક્ષમતાઓ તેમનો ખાસ અધિકાર બની જતો. શ્રી અરવિંદ જણાવે છે કે, "They were his life's pattern and his privilege pattern એટલે સદગુણનું પાસુ અને privilege એટલે ખાસ અધિકાર, વિશેષ હક્ક. તેથી શ્રી અરવિંદ જણાવે છેકે

Pursued in a royalty of mightily ease
Aims too sublime for Nature's daily will.
The gifts of the spirit crowding came to him;
They were his life's pattern and his privilege.

અશ્વપતીના સ્વરૂપ ઉપર દિવ્ય-શક્તિઓનો અને ચેતનાનો કબજો વધતો જ જતો હતો. તેની પ્રકૃતિ દિવ્યતા ધારણ કરી રહી હતી.


**આપણા કેંદ્રનાં નવા પ્રકાશનો**

**'યોગમાં સહયોગ'**

લે. **શ્રી ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી,**

**પેજ - ૯૩** **કિ. રૂા. ૪૦/-**

**યોગ-સાધનામાંના શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં સ્વર્ણિમ - સૂત્રોને પોતાની અનેરી શૈલીમાં આયોજનપૂર્વક સમજાવતું સાધનાલક્ષી પોકેટ-સાઈઝ પુસ્તક. આ પુસ્તકનો અર્પણ-વિધિ હાલમાં જ ભારતીબેન ત્રિવેદીનાં હસ્તે સંપન્ન થયો.**




# રસાસ્વાદ

## The Universal Incarnation

- માન

THERE is a wisdom like a brooding Sun,
A Bliss in the heart's crypt grown fiery white,
The heart of a world in which all hearts are one,
A Silence on the mountains of delight,

A Calm that cradles Fate upon its knees;
A wide Compassion leans to embrace earth's pain;
A Witness dwells within our secrecies,
The incarnate Godhead in the body of man.

Our mind is a glimmering curtain of that Ray,
Our strength a parody of the Immortal's power,
Our joy a dreamer on the Eternal's way
Hunting the fugitive beauty of an hour.

Only on the heart's veiled door the word of flame
Is written, the secre and tremendous Name.

શ્રી અરવિંદ આ સોનેટમાં જગતના ઉત્પતિનું જે કેન્દ્ર છે ત્યાં શું છે તેના અનુભૂતિ જન્ય જ્ઞાનની વાત કરે છે.

શ્રી અરવિંદ જણાવે છે કે જેમ લેખક નવલકથા લખતી વખતે ખૂબજ ધ્યાનમગ્ન થઈને નવલકથામાંની ઘટનાઓની ધારાને પોતાના મનઃચક્ષુ સામે જોઈ વિચારતો હોય છે. તેમ આ જગતનું જે ઉત્પતિ સ્થાન 'સૂર્ય' છે તે પણ જાણે વિચાર-મગ્ન હતો. પરમપ્રભુના સંકલ્પ અનુસાર સૂર્યમાં નિહિત રહેલી દિવ્ય-શક્તિ અદિતિએ સક્રીય થઈને સૂર્યમાં આ બ્રહ્માંડ નિર્મિતિ પહેલાની પ્રક્રિયા શરૂ કરી દીધેલ હતી.

આપણો ભૌતિક સૂર્ય એ તો ભગવાન સૂર્ય - નારાયણનું સૌથી સ્થૂલ અને પાર્થિવ સ્વરૂપ છે. જેમ માનવ એટલે ફક્ત ભૌતિક શરીર નથી પણ તેમાં મન,

હૃદય જે સ્થૂલ રીતે દેખાતા નથી તેનો પણ સમાવેશ થાય છે. તેમ ભગવાન - સૂર્યનારાયણમાં પણ સ્થૂલ સ્વરૂપ પાછળ એકથી એક શૂક્ષ્મ અને સચેત સ્વરૂપો છે જે આ વિશ્વના ગીતામાં કહ્યા તેમ, 'બીજપ્રદઃ પિતા' છે. જન્મદાતા છે, ભગવતી આદ્યાશક્તિ અદિતિ અને પરમપ્રભુ નારાયણનું આ બ્રહ્માંડ અપત્ય છે. ભગવાન નારાયણનો સંકલ્પ જગન્માતા અદિતિએ ધારણ કરેલ છે. અને તેથી જ તેમને 'ધાતા' કહેવામાં આવે છે. જેણે પરમપ્રભુનો દિવ્ય-સંકલ્પ ધારણ કર્યો તે 'ધાતા' (અર્થાત ધારણ કરનાર) અને અદિતિએ પરમપ્રભુના સંકલ્પ અનુસાર જ આ બ્રહ્માંડની રચનાની શરૂઆત કરી વેદો કહે છે કે 'ધાતા યથાપૂર્વમ્ અકલ્પયત્'

આ કલ્પનામાં એકાગ્ર એવા સૂર્ય નારાયણને શ્રી અરવિંદ "Brooding Sun" તરીકે વર્ણવે છે. Brooding એટલે ચિંતનમાં મગ્ન. પણ આ ચિંતન એ ફક્ત વાંઝણું દિવાસ્વપ્ન નહોતું. પણ એટલું સમર્થ હતું કે તે જગતને નિર્માણ કરી શકતું હતું. તે એક વિજ્ઞાન હતું - "Wishdom" હતું તેથી શ્રી અરવિંદ આ સોનેટની પ્રથમ પંક્તિમાંજ જણાવે છે કે

"There is a wisdom like a brooding Sun"

આ વિજ્ઞાન કૃતિ કરવા માટે એકાગ્ર થએલું સંકલ્પ સાથેનું જ્ઞાન હતું. સંકલ્પને લીધે આવેલી તીવ્ર એકાગ્રતા એ જાણે નારાયણના હૃદયને જેમ પોલાદ ખૂબજ તપીને 'શુભ્રોષ્ણ' થઈ જાય તેમ તેમનું હૃદય પણ શુભ્ર પ્રકાશથી ઝળહળી રહ્યું હતું. આ વિજ્ઞાન એટલે ફક્ત શુષ્ક જ્ઞાન નહોતું પણ તે એક આનંદનો ઉદ્રેક પણ હતો. અર્થાત બ્રહ્માંડની નિમિર્તિ આવા અતિશય આનંદના ઉદ્રેકમાંથી થએલ છે. ઉપનિષદો પણ જણાવે છે. આનંદમાંથી જ ભૂતમાત્ર નિર્માણ થએલ છે અને અંતે આનંદમાં જ વિલીન થવાનાં છે. તેથી શ્રી અરવિંદ વર્ણન કરતાં કહે છે કે

"A Bliss in the heart's crypt grown fiery white"

આ એક વૈશ્વિક હૃદય હતું અને આપણા હૃદયો તો આ વૈશ્વિક હૃદયનાં ફક્ત અલ્પ અંશો માત્ર છે. તે એવું વૈશ્વિક-હૃદય છે, જેમાં આપણા બધાનાં જ હૃદયના અંતિમ છેડાઓ એક રૂપ થઈને રહે છે. આપણા હૃદય જ્યારે ખૂબજ ધ્યાન-મગ્ન હોય છે ત્યારે તે વૈશ્વિક-હૃદયના સંવેદનો અને સંકલ્પોની આછેરી ઝાંખી કરી શકે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે



"The heart of world in which all hearts are one"

જ્યારે આપણા હૃદયો ધ્યાનસ્થ થઈને પેલા વૈશ્વિક હૃદય સાથે એક રૂપ થાય છે ત્યારે આપણા હૃદયો પોતાની સર્વશ્રેષ્ઠ એવી ઉર્ધ્વતમ અવસ્થામાં હોય છે. ત્યાં આનંદની ઉર્મિઓ લહેરાતી હોય છે. માટે જ તો ધ્યાનમાં આપણે આનંદ અનુભવતા હોઈએ છીએ. આ આનંદાવસ્થા ખૂબજ ઉર્ધ્વની અવસ્થા હોવાથી શ્રી અરવિંદ તેને પર્વતના શીખર સાથે સરખાવે છે. ત્યાં ફક્ત આત્માનંદ જ હોય છે. આપણને સતાવતા વિચારોની અખંડીત વણઝાર ત્યાં હોતી નથી. બધું જ જાણે નિરવ, સ્તબ્ધ, નિશ્ચલ અને એકાકી લાગે છે. જાણે મૌનનું ત્યાં સામ્રાજ્ય ફેલાએલું હોય છે નિરવતા ત્યાં જાણે ઠાસી ઠાસીને ભરેલી હોય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

A Silence on the mountain of delight

આ નિરવતામાં શાંતિ જાણે બ્રહ્માંડના ભાવિને પોતાના ખોળામાં લઈ થપથપાવતી હોય છે. જાણે તેને કહેતી હોય કે ''બેટા હવે તારે ખૂબજ કામ કરવાનું છે તેથી હમણા તો પુરતો આરામ કરી લે'' તેથી શ્રી અરવિંદ લખે છે કે

A Calm that cradles Fate upon its knees"

જગન્માતાને ખબર છે કે પરમપ્રભુને ધરતી ઉપર અનંતરૂપે પ્રકટ થવું છે. અને આ પ્રક્રિયા કાંઈ સુખદ અને ટુકી નથી પણ ખૂબજ વેદનાભરી અને દીર્ઘ છે. ધરતીને યુગોના યુગો વેદનાભરી સ્થિતિમાંથી પસાર થવાનું છે, તેથી મા જગદંબાનું હૃદય કરૂણાથી ભરાઈ જાય છે અને જાણે મા જગદંબા નમીને પૃથ્વીને પોતાની કરૂણાના આશ્લેષમાં લેતા હોય એવું લાગે છે શ્રી અરવિંદ આ ભાવસભર ચિત્રનું વર્ણન કરતાં કહે છે કે

"A wide Compassion leans to embrance earth's pain."

....અને આપણા બ્રહ્માંડની નિર્મિત થાય છે. આપણી સૂર્યમાળા નિર્માણ થાય છે. પૃથ્વી સૂર્ય ફરતી પ્રદક્ષિણા કરતી પોતાની તપશ્ચર્યા આદરે છે. વાયુરૂપમાંથી ઠરીને પ્રવાહી બને છે. વધારે ઠરીને ઘનીભૂત થાય છે. મહાસાગરોને ભૂખંડો નિર્માણ થાય છે. જીવજંતુથી માનવ સુધીની લાંબી ઉત્ક્રાંતિની મજલ કાપે છે.

માનવની અંદર પેલો દિવ્ય-અંશ ધીમે ધીમે આવિર્ભાવ પામે છે. ચૈત્યપુરૂષ બંધાય છે. તે આપણા અસ્તિત્વના ખૂબ ખૂબ ઉંડા ભાગોમાં રહે છે. તે આપણા સ્વરૂપો આપણને જ અપરિચિત છે - ચૈત્યપુરૂષ - આપણો અંતરાત્મા -

સાક્ષીભાવે બધું જ જોતો હોય છે, અનુભવતો હોય છે. પોતે ધારણ કરેલા જડ, તમોગ્રસ્ત ક્લેવરને પારદર્શક અને પ્રકાશિત કરવાનું કપરું કામ તેને ઉપાડવાનું હોય છે. કારણ તેમ કરે તો જ તે પોતે બહાર આવિર્ભાવ પામી શકે તેવી શક્યતા છે. શ્રી અરવિંદ કહે છે કે આવા તો અનંત ચૈત્યપુરૂષો છે. એક એક માનવમાં એક એક. કેટલાક તો હજી પુરેપુરા બંધાયા પણ નથી. ચૈત્યપુરૂષની આવિર્ભાવની આ ઘટના એકાકી કે વ્યક્તિગત નથી. તેથી જ શ્રી અરવિંદ આ ઘટનાને સાકાર થવાની વૈશ્વિક ઘટના તરીકે વર્ણવે છે. તેઓ આ ઘટનાને

"The Universal incarnation" તરીકે વર્ણવે છે.

ચૈત્યપુરૂષો દરેક માનવમાંના દૈવી અંશો છે જે તે માનવતાના દેવાધિદેવ છે તેથી શ્રી અરવિંદ વર્ણવે છે કે

"A witness dwells within our secrecies. The incarnate God head in the body of man"

માનવ તો ફક્ત પોતાના મનને ઓળખે છે. મન એ તો આ ચૈત્યપુરૂષ સામે ધરેલો એક પડદો છે. આ પડદો થોડો પારદર્શક છે એટલે તેમાંથી પેલા ચૈત્યપુરૂષનો પ્રકાશ થોડાઘણા અંશે પસાર થાય છે અને તેથી આપણું મન થોડું પ્રકાશિત - જ્ઞાનમય ભાસે છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે,

"Our mind is a glimmering curtain of that - Ray."

આપણે જે થોડી ઘણી શક્તિ અનુભવીએ છીએ તે પણ પેલા અમર આત્માની શક્તિનું એક હાસ્યાસ્પદ અનુકરણ માત્ર છે. તે એક વિડંબન માત્ર છે. મૂળ ચિત્રનું જાણે કાર્ટૂન છે. મૂળચિત્રનું જાણે રેખાચિત્ર છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે "Our strength a parody of the Immortal's power."

આપણા દુઃખી જીવનમાં જે કાંઈ થોડો ઘણો આનંદ મળે છે, તે એટલે પેલા શાશ્વત ચૈત્યપુરૂષને મળતા આનંદનું આપણને પડેલું એક ધુંધળું સ્વપ્ન માત્ર છે અને તે સ્વપ્ન પડયું છે કારણ કે આપણું મન કાળના પ્રવાહમાં પડેલા પેલા ચૈત્યપુરૂષના સૌંદર્યનું ક્ષણિક પ્રતિબિંબ પકડવાનું પ્રયત્ન કરતું હોય છે. માટે શ્રી અરવિંદ જણાવે છે કે -

"Our joy a dreamer on the Eternal's way Hunting the fugitive beauty of an hour."

જો આજ પ્રમાણે હોય તો પછી પેલા ચૈત્યપુરૂષને - આપણા અંતરાત્માને



પ્રાપ્ત કેવી રીતે કરવો ? શું તે એક આંખ મિચોલીનો ખેલ જ રહેશે કે તેને મેળવવા માટે પરમપ્રભુએ કોઈ આયોજન કરી રાખેલ છે.

શ્રી અરવિંદ જણાવે છે કે - તેનું પણ આયોજન પરમપ્રભુએ કરેલું જ છે. આપણા હૃદય ઉપર અજ્ઞાનનો પડદો પડેલો છે. એ વાત સાચી. આપણા હૃદયનું દ્વાર બંધ છે. એ વાત સાચી. પણ આ દરવાજામાંથી પણ એક દિવ્ય-કિરણ પસાર થતું હોય છે. તે કિરણ છે આપણી અભીપ્સા. અભીપ્સામાં એકાગ્ર થતા જ મન પોતાને પ્રકાશમય અનુભવે છે. પોતાના આંતર પ્રકાશને જોઈ શકે છે. તે અભિપ્સા પેલા ઢાંકેલા દરવાજાની ચાવી છે.

ઉપનિષદો કહે છે કે

''સુવર્ણમયેન પાત્રેણ સત્ય સ્યાપિહિતં મુખમ્''

અર્થાત - આપણા આંતરિક સત્યનું મુખ એક તેજોમય પાત્રથી ઢાંકેલું છે. અભિપ્સા એ જ તે તેજોમય પાત્ર છે કારણ અભીપ્સા કરતાં જ આપણું શરીર આંતરબાહ્ય તેજોમય સ્થિતિ અનુભવી જાણે સુવર્ણમય પાત્ર બની જાય છે.

અભીપ્સા એટલે પરમપ્રભુ સાથે એકરૂપ થવાની તમન્ના - તડપન. એવી તડપન થવાથી ક્ષણે ક્ષણે આપણે પરમપ્રભુને યાદ કરીએ છીએ. વિરહ અવસ્થાથી ઝુરીએ છીએ. પરમપ્રભુના નામનો ધ્યાસ લઈને મંડી પડીએ છીએ.

તે નામ જ મહાન છે અને તે જ પેલા ગુપ્ત પ્રવેશદ્વારનું રહસ્ય છે.

તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

"Only on the heart's veiled door the word of flame.
Is written the secret and tremendous Name.

**આરાધનાની રાહે, તવ ચરણ ચિન્હો નિત જોઉં હું**

**મધુર મધુરી ઘંટા બાજે, કરો સ્તવતા રહે,**
**પ્રગટ શતધા દીપો તારા કથા દ્યુતિની કહે.**

શ્રી સુંદરમ્ ૩૧.૧૨.૮૦

**એકેકે કોષે તવ દીપ્તિવંતા,**
**દીવા જલી રહો, તું સુપૂર્ણ તારી,**
**પ્રભા - મુદા - શક્તિ સીંચી રહો ત્યાં.**

શ્રી સુંદરમ્ ૮.૧૨.૮૦

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ-૪

## કાળાતીત બ્રહ્મ

- માન

### ત્રિકાલધૃતં ત્રિકાલાતીતં વા ।

ત્રણે કાળમાં તે છે અથવા ત્રણે કાળને ધારણ કરીને રહે છે તેમજ તે ત્રણે કાળથી અતીત પણ છે.

કાળની કલ્પના સાક્ષેપ છે. મન જ્યાં સુધી જાગૃત હોય છે. ત્યાં સુધી કાળનો અનુભવ થાય છે. મન પોતાની ચંચળતા છોડતું નથી. વ્યવહારમાં આવું વિક્ષિપ્ત મનને જ જાગૃત મન કહે છે. મન એકાગ્ર થઈને લીન થઈ જાય છે. તરત કાળનો અનુભવ આવતો બંધ થઈ જાય છે. તમે નવલકથા વાંચવામાં તલ્લીન થઈ જાઓ તો કાળનું ભાન રહેતું નથી. ગાઢ નિદ્રામાં કાળનું ભાન હોતું નથી.

ભારતીય પરંપરામાં કાળને મનની સાક્ષેપ ગણેલ છે. મન છે તો કાળ છે. મન નથી તો કાળ નથી. મન એક સંકુચિત ચેતનાની અવસ્થા છે. મનને કેન્દ્રીત થયા સિવાય જ્ઞાન મેળવતા આવતું નથી. તે એકાગ્ર થાય છે. ત્યારે એક મર્યાદિત ક્ષેત્રમાં જ તેની સભાનતા કેન્દ્રીત બની જાય છે. તે સભાન ક્ષેત્રમાં જે અનુભવાય છે તેને મન વર્તમાનકાળ કહે છે. જે હજી આ સભાન ક્ષેત્રમાં પ્રવેશેલ નથી તેને તે ભવિષ્યકાળ કહે છે. જે સભાનક્ષેત્રથી બહાર નિકળી ગયું છે તેને તે ભૂતકાળ કહે છે. આમ ત્રિકાળભેદ એ મનની સંકુચિત એકાગ્રતાના કારણે નિર્માણ થાય છે. એમ ભારતીય પરંપરા જણાવે છે.

આઈસ્ટાઈને નવી પશ્ચિમાત્ય પરંપરા નિર્માણ કરી છે. તે આ મનની અવસ્થાના આધારે જ. તેના મતે કાળ સાક્ષેપ છે. પ્રીયતમના સાંનિધ્યમાં પ્રેયસીના કલાકો જાણે થોડીક મિનિટમાં પસાર થઈ ગયાં એવું લાગે છે. જ્યારે દાંતનો દુખાવો હોય અને ડોકટર પાંચ મિનિટ મોડા પડે તો તે પાંચ મિનિટ પણ કલાકો જેવા લાગે છે. મનની સ્થિતિ ઉપર કાળની લંબાઈ આધાર રાખે છે.

આઈસ્ટાઈન કહે છે કે કાળ અને સ્થળ પરસ્પરથી સંબંધિત છે. જેમ સ્થળનું દર્શન વિશાળ એમ વર્તમાનકાળની પહોળાઈ વધતી જાય છે. જેમ દર્શન સંકુચિત તેમ વર્તમાન વધારે ને વધારે સંકોચાય છે.

સમજો એક ટેકરી છે તેની તળેટીમાં એક રીંગ રોડ છે, જે સમગ્ર ટેકરી ફરતો



છે. તે રસ્તા ઉપરથી એક બળદ ગાડું જઈ રહ્યું છે. તે ટેકરીની તળેટીમાં એક વ્યક્તિ ઉભી છે. બીજી વ્યક્તિ ટેકરીના ટોચ ઉપર. હવે ગાડું જ્યારે તળેટીની વ્યક્તિ પાસેથી પસાર થાય ત્યારે તેને તે વર્તમાનકાળ લાગે છે. દેખાતા પહેલાં તે ભવિષ્યકાળ હતો અને દેખાતું બંધ થયું ત્યારે ભૂતકાળ શરૂ થાય છે. પણ ટેકરીના ટોચે ઉભેલી વ્યક્તિને તો ગાડુ સતત દેખાય જ છે. તેથી તેને માટે તો તે સદા વર્તમાનકાળ જ છે. સારાંશ તેનો વર્તમાનકાળ ખૂબજ વિશાળ છે જ્યારે તળેટીની વ્યક્તિ માટે તે સંકુચિત વર્તમાનકાળ છે.

આમ વર્તમાનકાળની પહોળાઈ ચેતનાની વિશાલતા ઉપર આધાર રાખે છે. જો ચેતના અસીમ હોય તો તેનો વર્તમાનકાળ પણ અસીમ બની જશે. સદા વર્તમાનકાળ જ રહેશે. ભૂતકાળ અને ભવિષ્યકાળ જેવો પ્રકાર જ નહિં રહે. સારાંશ તે સર્વજ્ઞ બની જશે.

બ્રહ્મ તત્વ સનાતન હોવાથી, અસીમ હોવાથી તે ત્રણે કાળમાં પ્રવેશીને રહેલું છે. એમ કહેવાય અથવા ત્રણે કાળને ધારણ કરીને રહેલ છે એમ પણ કહી શકો. પણ તેને પોતાને માટે તો તે ત્રણે કાળભેદથી પર છે. તેનો તો સદાવર્તમાનકાળ જ છે. તેનો સનાતન કાળ છે અથવા કહો તે પોતે મહાકાળ છે, જેણે બધા કાળોને ધારણ કરી રાખેલાં છે અથવા તેને 'અકાળ' કહો. અર્થાત કાલાતીત કહો.

કાળ એ ચેતનાની સંકુચિત સ્થિતિનું by product છે. ઉપ-ઉત્પાદન છે. બ્રહ્મતત્વને કાળનું બંધન નથી.

કાળની પ્રવાસની દિશા બાબત પણ પાશ્ચિમાત્ય અને પૌર્વાત્ય કલ્પનાઓમાં તફાવત છે. પૌર્વાત્ય કાળની વર્તુળાકાર ગતિ જણાવી કાળચક્રની માન્યતા ધરાવે છે. કોઈ વસ્તુ સતત એક જ દિશામાં પ્રવાસ કરતી રહેશે, તો ફરી મૂળ જગ્યાએજ પાછી આવશે એમ પૌર્વાત્ય લોકો કહે છે. તેમના મતે કાળની ગતિ ચક્રાકાર છે. યુગચક્રની કલ્પના આ વાત સ્પષ્ટ કરે છે. પણ આ ચક્રાકાર ગતિ સ્પ્રીંગની જેમ ઉર્ધ્વ વિકાસ કરતી હોય છે. જ્યારે પાશ્ચિમાત્ય વિચારસરણી મુજબ કાળ સીધી લાઈનમાં સતત આગળ વધતો હોય છે. જે ભૂતકાળ છૂટી ગયો ત્યાં ફરી કાળ આવી જ શકતો નથી.

પણ આઈન્સ્ટાઈને સિદ્ધ કર્યું છે કે સીધી લીટી એ ભ્રમ છે લીટી સદા વક્રાકાર જ ધારણ કરે છે અને તેથી તેને એક જ દિશામાં વધારીએ તો તે તે વર્તુળ પુરૂ કરે છે.

સારાંશ બ્રહ્મ ચેતના સંકુચિત ચેતના ન હોવાથી તે કાલાતીત છે. તે સનાતન હોવાથી પણ તે કાલાતીત છે તેણેજ ત્રણેકાળને ધારણ કરી રાખેલાં છે.

# વૈદિક છંદો

પ્રકરણ - ૨

- માન

છંદ શબ્દ કાવ્ય-શાસ્ત્રમાં આવે છે. કાવ્યને ગેય બનાવવા કાવ્યની દરેક પંકિતમાં કેટલા અક્ષર હોવા જોઈએ તેના આધારે વિવિધ છંદો નિર્માણ થયાં છે. દા.ત. અનુષ્ટુપ છંદમાં એક શ્લોકમાં ચાર પંકિત હોય છે અને દરેક પંકિત આઠ અક્ષરની હોય છે. અનુષ્ટુપનો અર્થ છે નાનકડી પંકિત. ગીતા વધારે અનુષ્ટુપ છંદમાં જ લખાયેલી છે.

વેદોમાં નીચે મુજબનાં છંદો છે.

| છંદ | કુલ અક્ષર | રૂચા સંખ્યા |
|---|---|---|
| **ગાયત્રી** | ૨૪ | ૨૪૪૯ |
| **ઉષ્ણિક્** | ૨૮ | ૩૯૮ |
| **અનુષ્ટુપ** | ૩૨ | ૮૫૮ |
| **બૃહતી** | ૩૬ | ૩૭૧ |
| **પંકિત** | ૪૦ | ૪૯૮ |
| **ત્રિષ્ટુપ** | ૪૪ | ૪૨૫૧ |
| **જગતી** | ૪૮ | ૧૩૪૬ |
| **અતિ જગતી** | ૫૨ | ૧૭ |
| **શકવરી** | ૫૬ | ૧૯ |
| **અતિ શકવરી** | ૬૦ | ૧૦ |

આ સિવાય પણ બીજા છંદો છે. દા.ત. દ્વિપદા વિરત (૨૦-૧૩૯)

અતિવિરત્, (૧૬-૧) અત્યષ્ટિ (૬૮ - ૮૨), દ્વિપદા ત્રિષ્ટુપ (૨૨-૧૪), અતિ ધૃતિ (૭૨-૧), દ્વિપદાજગની (૨૪-૧), એકપદા ત્રિષ્ટુપી (૧૧-૧) તેથી છંદ એટલે કાવ્યને ગેય બનાવવા નક્કી કરેલી એક નિશ્ચિત અક્ષર-સંખ્યાની રચના. પણ આ એક છંદ-શાસ્ત્રના દૃષ્ટિએ અર્થ છે. વેદોમાં 'છંદ''નો એક યોગિક ગૂઢ અર્થ પણ છે. છંદનો વ્યવહારમાં બીજો પણ અર્થ છે. છંદ એટલે ટેવ, હોબી, દા.ત. લખવાનો છંદઃ છંદની વ્યાખ્યા ''છાદનાત્ છંદ'' એવી કરી છે. જે સત્ય વસ્તુને ઢાંકી રાખે છે તેને છંદ કહે છે. આપણે તેને આચ્છાદન કહીએ



છીએ. જે શબ્દ ખરેખરતો છંદ ઉપરથી જ આવેલો છે.

પ્રભુને વિશિષ્ટ રીતે પ્રગટ થવાની ટેવ પડી ગઈ છે. તે ટેવ મુજબ જ તે પ્રગટ થાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે આપણને સનાતન લાગતાં પ્રકૃતિનાં નિયમો એ ખરેખર પ્રકૃતિને પડેલી ટેવો છે. પ્રકૃતિ તે બદલી પણ શકે છે. મૃત્યુ એ સહુથી જડ બની ગએલી ટેવ છે. આપણા બધાને મરવાની ટેવ પડી ગઈ છે, તેથી મરીએ છીએ. પ્રકૃતિને - ત્યાગીએ છીએ, તે આપણને પડેલી ટેવ જ છે. અવચેતન તેને જાણે સનાતન નિયમમાં ફેરવી નાખી છે.

પ્રકૃતિની ટેવો એ આજના ઉત્ક્રાંતિના તબક્કે જરૂરી છે. તેથી તે ટેવોને ટકાવી રાખે છે. ઉત્ક્રાંતિ આગળ વધતા આ ટેવોની જરૂર નહિ રહે તો પ્રકૃતિ તેને બદલી નાખશે.

કવિ કલ્પદ્રુમમાં છંદ શબ્દનાં નીચે મુજબ અર્થ આપ્યાં છે. ''છદ્, ઉર્જં, બલં, જીવનં ચ'' અર્થાત છંદ શબ્દનો અર્થ છે ઢાંકવું, શક્તિ, બળ અને જીવન. શક્તિ એટલે બળનું નિષ્ક્રીય સ્વરૂપ .બળ એટલે શક્તિનું સક્રીય સ્વરૂપ. અર્થાત power and force.

ચેતના જ શક્તિ સ્વરૂપ છે. જીવન તેનો આવિર્ભાવ છે. જીવન આ બળ સ્વરૂપ છે.

સંગીત અને ગાન માર્ફત ચેતનાને પણ આપણે તાલબદ્ધ રીતે પ્રગટ કરી શકીએ છીએ. માતાજીનું ઑર્ગન-મ્યુઝીક આપ શાંતિથી સાંભળશો તો તમને તમારી ચેતના અસીમ અવકાશમાં મુક્ત પંખીની જેમ વિહરતી હોવાનો જરૂર અનુભવ થશે. જરૂર પ્રયોગ કરી જો જો. ઑર્ગનના સંગિત સાથે તે તાલબદ્ધ રીતે નર્તન કરતી  લાગશે. ચેતનાનાં તાલબદ્ધ નર્તનમાં પણ તેનો આનંદમય સ્વભાવ પ્રગટ થવા લાગે છે... પોતે જ અનુભવી જુવો.

અખિલ બ્રહ્માંડમાં એક જ ચેતના ઓતપ્રોત ફેલાએલી છે. તે ચેતનાનો જ સક્રિયભાગ એટલે પ્રભુ અથવા ઈશ્વર. અને તે ચેતનાનો નિષ્ક્રીય ભાગ એટલે અક્ષર બ્રહ્મ અથવા અચલ બ્રહ્મ. બન્ને મળીને પરમાત્મા પુરૂષોત્તમ ચેતના થાય છે. આ અખિલ બ્રહ્માંડમાંના વિવિધ રૂપો એ ચેતનાનાં આંદોલનોને કારણે નિર્માણ થએલાં વમળો જ છે. પ્રભુના સંકલ્પથી આ ચેતનાનાં સાગરમાં આંદોલનો ઉઠી રહ્યાં છે. દરેક સ્વરૂપ પ્રભુનું આંદોલીત રૂપ જ છે. પ્રભુ પોતે જ છે. જગત પ્રભુથી ભિન્ન નથી.

વિશ્વ-શક્તિઓ એટલે ચેતનાના મહા આંદોલનો સ્વરૂપ જ છે. તેને વેદો

દેવો કહે છે. તેથી દેવો પણ છંદ સ્વરૂપે જ સક્રીય બને છે. છંદથી જ સાકાર બને છે. છંદ થી જ દર્શન દે છે. છંદથી જ મદદ કરે છે. તેમની કૃપા પણ છંદ જ છે. છંદ એટલે આંદોલન.

ચેતનાની ખૂબજ સક્રિય અવસ્થા એટલે જ પ્રકૃતિ. 'પ્ર' એટલે તીવ્રરીતે 'કૃતિ' એટલે કંપન, હાલચાલ.

શરીરમાં પ્રવેશેલી ચેતનાને શરીરનું બંધન ગમતું નથી. કારણ શરીરની અસંવેદનશીલતા, જડતા તેની શક્તિઓને કુંઠીત કરે છે. તેથી ચેતના તે બંધન તોડવા છંછેડાઈને પ્રયત્ન કરે છે. આને વેદો વૃષભ કહે છે. વૃષભ એટલે સાંઢ. તે ભાંભરતો હોય છે (વૃષભઃ રૌરવિતિ), જ્યારે તે પોતાનાં બંધનો તોડી નાખે છે અને પોતાની સર્વ ક્ષમતાઓ સાથે પ્રગટ થાય છે ત્યારે તેને 'નંદિ' કહે છે. નંદિ એટલે આનંદિત... આનંદમય ચેતના.

આપણા શરીરનાં વિવિધ યોગ ચક્રો વિવિધ પ્રકારનાં આંદોલનો નિર્માણ કરે છે. તેના આધારે સંગીત શાસ્ત્રોમાંના વિવિધ સ્વરો નિર્માણ થયાં છે. તે નીચે મુજબનાં છે.

| **યોગ ચક્ર** | **સ્વર / નામ** | **તે નિર્માણ કરતું પ્રાણી** |
|---|---|---|
| **મૂલાધાર** | સા (મધ્યમ) | મોર |
| **સ્વાધિષ્ઠાન** | રે (ગાંધાર) | ગાય |
| **મણિપૂર** | ગ (વૃષભ) | ઘેટાં |
| **અનાહત** | મ (ષડ્જ) | પક્ષી |
| **વિશુદ્ધ** | પ (નિષાદ - મંદ્ર) | ભમરો |
| **આજ્ઞા** | દ (ધૈવત) | ઘોડો |
| **સહસ્ત્રાર** | નિ (કૃષ્ટ) | કોકીલા |

દરેક સ્વર વિશિષ્ટ દેવતાઓને સક્રિયકરતાં હોય છે. તેથી વેદોમાં ક્યો છંદ ક્યા દેવતાને પ્રગટ કરે છે અથવા સક્રિય કરે છે તે દર્શાવેલ છે. દા.ત.

૧) ગાયત્રી = અષ્ટવસ્તુઓ અર્થાંત અષ્ટધા પ્રકૃતિ

૨) ત્રિષ્ટુપ = અગ્યાર રૂદ્રો (પંચ જ્ઞાનેન્દ્રીય, પંચકર્મેન્દ્રીય અને મન)

૩) જગતી = બાર આદિત્યો (બાર દિવ્ય પ્રકાશો) અર્થાંત બાર યોગચક્રો

છંદોના ગાન વખતે બધા છંદોનો સમન્વય કરતા જવો તેને 'સામગાન' કહે છે. પોતે અચલ બ્રહ્મમાં રહીને જીવનની વિષમતાઓને લીલા તરીકે અનુભવવું એ જ 'સામગાન' ની સર્વોચ્ચ અવસ્થા છે.



સોળ સ્વર અને છત્રીસ વ્યંજનો મળી બાવન વર્ણો એ છંદના આંદોલનનાં જ પ્રકાર છે. ચેતનામાં શૂક્ષ્મ આંદોલન હોય તો તેને 'નાદ' કહે છે. નાદ અવસ્થામાં સ્વર અને વ્યંજનો એકરસ હોય છે. નાદનાં વિવિધ પ્રકાર એટલે સ્વર વ્યંજનો. સ્વર વ્યંજનોને 'અક્ષર' કહે છે, કારણ વૈદિક ઋષિઓની માન્યતા અનુસાર તે સનાતન વસ્તુઓ છે. પણ તે અવ્યક્ત હોય છે અને ઉચ્ચારણથી વ્યક્ત થાય છે. આ સિદ્ધાંતને જ સ્ફોટ-વાદ કહે છે. સ્ફૂટ થવું એટલે પ્રગટ થવું, અવ્યકતમાંથી વ્યકત થવું. સ્વરમાં આંદોલનો સૌમ્ય હોય છે. વ્યંજનોમાં તીવ્ર. વ્યંજન એટલે તીખાં તમતમતાં શાક અથવા ચટણી, વ્યંજન તીવ્ર આંદોલન સ્વરૂપ છે અને આંદોલન તીવ્ર થતાં જ તે ઘનીભૂત થઈને વધારે ભૌતિક સ્વરૂપ ધારણ કરે છે એમ વૈદિક ઋષિઓ માનતાં. આ સિદ્ધાંતને દર્શાવવા વેદોમાં એક આખ્યાયિકા છે. અસુરોથી બચવા દેવતાઓં - સુર - વ્યંજનમાં છૂપાયાં કારણ પોતે પણ આંદોલન સ્વરૂપ જ હોય છે. પણ તેમની તીવ્રતા અને ઘનીભૂતતાને કારણે અસૂરોએ તેમને પકડી પાડયાં. પછી તેઓ ભાગીને સ્વરોમાં સંતાયા. ત્યાં અસૂરો તેમને શોધી શક્યાં નહિ, કારણ સ્વરનાં આંદોલનો સૌમ્ય હોવાથી તે ઓછા ઘનીભૂત હોય છે. સ્વર નાદની પાસેની અવસ્થા છે.

આપણા શરીમાંના મણીપૂર યોગચક્ર ને નાભિ - ચંક્રને 'સ્વર' કહે છે. (ભૂભુર્વ સ્વઃ માંનો સ્વ. - નીચેથી ત્રીજુ ચક્ર) ત્યાંથી નિર્માણ થતાં વર્ણને 'સ્વર' કહેવાય છે.

જેમ આંદોલન તીવ્ર તેમ તે વધારે ઘનીભૂત થાય છે. દરેક આંદોલનને પોતાનો પ્રકાશ રંગ છે. તેથી બધા જ સ્વર અને વ્યંજનોને વર્ણ અર્થાંત 'પ્રકાશ-રંગ' કહેવાય છે. દરેક વર્ણને તંત્ર 'બિન્દુ' પણ કહે છે. કારણ તે વિશિષ્ટ પ્રકાશરંગના બિન્દુ સ્વરૂપ હોય છે. તે બિન્દુના પ્રકાશ રંગની વિવિધ છટાઓને કલા કહે છે. પણ પરમ ચેતના તો નાદ-બિંદુ કલાતીત છે. અર્થાંત તે નાદથી પણ ઉર્ધ્વમાંની અવસ્થા છે તેથી અવર્ણનીય છે.

# સહજ-સત્સંગ

## જીવનમાં-યોગ

**(૯-૭-૫૭ અને ૧૦-૭-૫૭નાં વાર્તાલાપ ઉપર આધારિત)**

- માન

''મંગળવારે ધ્યાન પહેલાં નીચેનો વાર્તાલાપ થયો. માતાજીએ કહ્યું''

''સાધના માટે આપણે પોતાને આયોજનપૂર્વક તૈયાર કરવા જરૂરી છે. મેં એક મુદ્દા ઉપર ભાર મૂકેલો પણ તે કોઈએ ધ્યાનમાં લીધો નથી. ભાવિ સાધના માટે તમને તૈયાર કરવા જરૂરી છે. આ નાનકડા આયોજનને ઓળખો.

મન અને વાણી ઉપરનો સંયમ ખૂબજ મહત્વનો છે. ઘણા આધ્યાત્મિક લોકોએ આ વસ્તુ સમજાવી છે. ખોટી બડબડ ન કરો, નિંદા કુથળી ન કરો, કોઈ માટે ભુંડું ન બોલો, વાદવિવાદ ન કરો, શક્ય એટલા મૌન રહો. આ બધી વસ્તુઓ મનને બગાડી મુકે છે. કડવાશ લાવે છે. જે તમારી સાધનાને નુકશાન કરે છે. તેના શુભ સંસ્કારો અને પરિણામોનો નાશ કરે છે. તેમાં વળી જો તેને કઠોર અને કડવી ભાષામાં વ્યક્ત કરવાની ટેવ પાડો તો તે આધ્યાત્મિક - આપઘાત બની જાય છે. સર્વનાશ બની જાય છે. આવી વ્યક્તિ આધ્યાત્મિક - દેવાળીયો બની જાય છે. તેથી ચેતી જાવ. નાના નાનાં આધ્યાત્મિક આયોજનો જ તમારી સાધનાને સુરક્ષિત રાખશે.''

૧૦.૭.૫૭

એવું પણ બને કે ઉત્ક્રાંતિમાં ભૂતકાળમાં ભૌતિક કક્ષાએ કરેલી રચનાઓ ભાવિ ઉત્ક્રાંતિને નિરૂપયોગી લાગે. તેથી ધીમે ધીમે તેમના ઉપયોગનો તે ત્યાગ કરે. ભાવિ-ઉત્ક્રાંતિમાં કદાચ ભૌતિક શરીર કરતાં શૂક્ષ્મ શરીર અને તેના ચક્રોનો વધુ પડતો ઉપયોગ થવા લાગે અને તેમનો પ્રકાશ શારીરિક-જ્ઞાનતંતુઓમાં રેલાવી કાર્ય સાધવાનો પ્રયત્ન કરે. તેથી ભૌતિક-શરીર જ વધુને વધુ તેજોમય બની શૂક્ષ્મ શરીરનો સળંગ ભાગ બની જાય. તેવે વખતે ભૌતિક અંગઉપાંગો ખરી પડવા લાગે, શૂક્ષ્મ અંગો સક્રીય બને.

આ કદાચ રૂપાંતરની પ્રક્રિયાનો ભાગ હોય. આપણું ભૌતિક-મન પોતાના



અત્યાર સુધીનાં અનુભવોને આધારે આની શક્યતા માનવા તૈયાર ન હોય. પણ એકંદરે જોતા ભૌતિક-શરીર એ પ્રાણી જગત માટેની જરૂરીઆત હતી. ઉચ્ચ યોનિઓ માટે તેવી જરૂરિયાત ન પણ ગણાય. પ્રકૃતિ નિરૂપયોગી શરીર રચનાઓને ત્યાગે છે એનાં ઘણાં દાખલા છે.

ચેતનાના વિકાસ મુજબ જ જ્ઞાનાર્જનનાં સાધનો પણ વિકસતા જાય છે. શરીરની ચેતના અર્થાત જંતુઓની ચેતના વિકાસને ખૂબજ ઓછું સમજી શકતી હતી. પ્રાણમય ચેતના અર્થાત પ્રાણીઓ તેથી વધારે સમજતાં થયાં. મનોમય ચેતના અર્થાત માનવો, તેથી વધારે સમજતાં થયાં. તેમ અતિમાનવો, માનવો કરતાં પણ વધારે વિશાળ વિકાસનું દર્શન કરી શકશે. આને કારણે જુના સાધનો પડતા મુકાય છે એ સમજી શકીએ એમ છે.

પણ આ નવી ચેતના હજી ખૂબજ બાલ્યાવસ્થામાં છે. અવિકસીત છે. તેથી મનોમય-ચેતના હજી થોડોકાળ ટકી રહેવાની શક્યતા જરૂર છે.

પણ આપણે યોગમાં અમુક વસતુઓ મદદરૂપ છે, અમુક અપાયરૂપ છે એમ સમજતા હોઈએ છીએ. પણ આ કદાચ હાલની ચેતનાને કારણે અનુભવથી સ્વિકારેલાં ધારાધોરણો છે. પણ જ્યારે ચેતના જ બદલાઈ જાય છે ત્યારે જુના ધારાધોરણો બધા જ જાણે વ્યર્થ, નકામા, નિરૂપયોગી બની જાય છે.

ગઈકાલની અનુભુતિએ મને આ જ વસ્તુ વિશેષરીતે ધ્યાનમાં આણી. નવી ચેતનામાં બધુ જ યોગ માટે વાપરી શકાશે એવી શક્યતા જણાય છે. મનોમય-ચેતનાના તબક્કામાં સાંસારિક-જીવન અને યોગ-જીવન પરસ્પર વિરોધી લાગતાં હશે. હવે તેવું નહિં લાગે.

આશ્રમમાં સાંજે રાણી રાસમણી બંગાલી ફિલ્મ દર્શાવાઈ રહી હતી. ત્યારે મારી અનુભૂતિમાં મને નીચે મુજબનું દર્શન થએલું. મને એક મંદીર દેખાયું. તેમાંની મૂર્તિ પણ દેખાઈ. પાર્શ્વભૂમિ જોતા તે ગંગાતટનું મંદીર હોવાની શક્યતા લાગે છે. પણ હું નિશ્ચિત ક્યું મંદિર હતું તે જાણી શકી નથી. લોકો આવીને નમતા હતાં. ભક્તિભાવથી વિધિ કરતાં. પ્રાર્થના કરતાં, વંદન કરતાં. તેઓ એક ઉચ્ચતર ચેતના પ્રત્યે, પ્રભુ તરફ પોતાનો ઉઘાડ લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતાં. પણ તેમનું પુરાણું જગત તેમને અવરોધી રહ્યું હતું. તેમની વિશુદ્ધ ભાવનાઓને કલુષિત કરી નાખતું હતું. માતાજી જણાવે છે ત્યારે તેમના પોતાનાં શરીરનાં

કોષોને જણાયું કે એક નવું જ જગત જન્મી ચૂક્યું છે અને તે આ બેહુદા જગત નીચે વિકસી રહ્યું છે.

આ અનુભૂતિ સાથે મને ૧૯૨૬માં થએલી ઘટના યાદ આવી. શ્રી અરવિંદે અધિમનસનો સાક્ષાત્કાર કર્યો અને વધારે ઉચ્ચ સાધનામાટે એકાંતમાં ચાલ્યા ગયા. બાહ્યપ્રવૃત્તિઓની જવાબદારી માતાજીને સોંપવામાં આવી. એ વખતે ખૂબજ તેજોમય અનુભૂતિઓની, દિવ્ય-સત્વોના સંપર્કોનો અનુભવ આવ્યો હતો.

મેં શ્રી અરવિંદને આ બાબત ઉત્સાહથી જણાવ્યું, શ્રી અરવિંદ બોલ્યા.

''તે સાક્ષાત્કારને કારણે તમે મહાન ચમત્કારો સર્જી શકશો. પ્રખ્યાત થશો. પણ તે અતિમનસ સૃષ્ટિ નથી. તે અધિમનસ સૃષ્ટિ છે. દેવતાઈ સૃષ્ટિ એ અતિમનસ સૃષ્ટિ નથી. ઉર્ધ્વ-વિકાસ માટે નિમ્ન વિકાસ ત્યાગવો જરૂરી છે.''

માતાજીએ તે અનુભૂતિઓને સંકેલી લીધી. ''નવા જગતનાં જન્મની ઘોષણા કરી. નવી અતિમનસ શક્તિઓને વિકસાવવાનાં, સ્થાપવાનાં ખૂબજ આયોજનપૂર્ણ પ્રયત્નો શરૂ થયાં. ગઈ કાલની અનુભૂતિ તે પ્રયત્નોના પરિણામરૂપ એક નવું દર્શન તરીકે આવ્યું.

નવું જગત અને જુનું જગત એટલું ભેળસેળ થએલું લાગે છે કે બે વચ્ચેનો તફાવત જ સમજાતો નથી. પણ શ્રી અરવિંદે તે બન્ને જગતની અધ્યાત્મિકતા વચ્ચે નીચે મુજબનો તફાવત પાડયો છે. જુની અધ્યાત્મિકતામાં જગતને યથાવત્ રાખવામાં આવે છે. દિવ્ય-અધ્યાત્મમાં જગતને રૂપાંતરિત કરીને સાથે લેવાની વાત છે. વચગાળામાં બન્નેનું સંમિશ્ર સ્વરૂપ પણ રચાશે.

વેદોમાં જે પાંચકોષોનાં વર્ણન જોવા મળે છે તેમાંથી પાર્થિવ, પ્રાણમય અને મનોમય કોષ ભૌતિક-જગતમાં સ્થિર થઈને પોતે પ્રગટ થઈ રહ્યાં છે. હવે વિજ્ઞાનમય-કોષનો વારો છે. તેનું ભૌતિક સ્તરે પ્રગટીકરણનો પ્રયત્ન એ જ આ અતિમનસના જગતના જન્મનું નિમિત્ત બન્યું છે. અધિમનસ જગત એ મનોમય-કોષનો સહૂથી શ્રેષ્ઠ આવિર્ભાવ સ્વરૂપ છે. તે જુના જગતનો ભાગ છે. તેને કારણે ભૂતકાળમાં અનેક દેવ-સ્વરૂપોના આધારે અનેક ધર્મો, સંપ્રદાયો નિર્માણ થયાં. વિજ્ઞાનમય કોષના દબાણને કારણે ધર્મોની એકતા, સર્વધર્મ સમન્વય વગેરે પ્રકાર નિર્માણ થયાં. તે સંમિશ્ર જગતનો પરિણામ છે. જેમ જેમ શુદ્ધ વિજ્ઞાનમય કોષ પ્રગટ થશે, અર્થાત અતિમનસ જગત પ્રગટ થશે, તેમ તેમ ધર્મો છૂટતા જશે.



દેવતાઓની ઉપાસના છૂટતી જશે અને પરાત્પર પ્રભુ, પરમ-ચેતનાની સાધના તેની જગ્યા લેશે. કદાચ પ્રભુ શબ્દ ચાલુ રહે પણ નવા સંદર્ભ અને અર્થ સાથે. પણ આ માર્ગ તદ્દન વણખેડયો હશે.

''માતાજી, શ્રી અરવિંદ પણ જણાવે છે કે હઠયોગ અને તાંત્રિક ક્રિયાઓથી શરીર ઉપર અદ્ભૂત કાબુ આવી જાય છે. આપણે શારીરિક-શિક્ષણ દ્વારા તે જ હેતુ રાખીએ છીએ. પછી તે જુની અનુભવ-સિદ્ધ વસ્તુઓનો ઉપયોગ આપણે શા માટે નથી કરતાં? શું તે જુના જગતની છે માટે?

ના, હઠયોગ અને તાંત્રિક ક્રિયાઓ કોઈએ શરીર ઉપર સંકલ્પ બળને પ્રભાવી કરવા વાપરી હશે અને તે યશસ્વી થયો હશે. તે પદ્ધતિને તે પછી વધારે પૂર્ણતા લાવી નિશ્ચિત કરી દેવામાં આવી છે. પણ મૂળ સિદ્ધાંત તો દૃઢ સંકલ્પ બળનું શરીર ઉપર દબાણ મુકીને શરીરને કેળવવું એ જ છે. આપણે તે સિદ્ધાંત સ્વિકારી આધુનિક સુવિધાનો ઉપયોગ કરી આજના જમાનાને અનુરૂપ પદ્ધતિઓ વિકસાવી રહ્યાં છીએ. પદ્ધતિનાં બાહ્યરૂપ કરતાં તેનું કેન્દ્રીય સત્ય મહત્વનું હોય છે. જે આપણે યોગ-સમન્વયમાં સ્વિકાર્યું છે. પદ્ધતિ મહત્વની નથી. દરેકે પ્રકૃતિ-અનુસાર પદ્ધતિ સ્વિકારવી. સિદ્ધાંતનું સત્ય જ મહત્વનું છે.

શરીરમાં સતત સભાનતા અને સંવાદિતા રહે એ જ આપણો આદર્શ છે. કોષે કોષમાં પરમ-ચેતનાને ધારણ કરવાની ગ્રહણશીલતા ધારણ કરી રાખવી જોઈએ. તેથી શરીર નમનીય, નિરામય, શાંત, તૃપ્ત, ઉત્સાહી, આનંદમય બની રહેશે.

શારીરિક-કસરતને પણ યોગનું સાધન બનાવવી જરૂરી છે. દા.ત. નીસરણીનાં પગથિયાં ઉપર ચડઉતર કરવાથી વ્યાયામ જરૂર મળશે. પણ તે વખતે પરમ-ચેતના પ્રત્યે ગ્રહણશીલ રહી ભક્તિભાવમાં ચડઉતર કરશો તો તે તમારી સાધનાનો ભાગ બની જશે. નરી કસરત નહિં રહે. તે ચેતનાનો વિકાસ કરાવશે.

આપણી દરેક નાની મોટી દૈનંદિન ક્રિયાઓમાં સભાન રીતે ચેતના મૂકવી એ મહત્વનું છે. શરીરની દરેક હિલચાલ મારફત સૌંદર્ય અને સંવાદિતા પ્રગટ કરવા સભાન પ્રયત્ન કરવો એ શારીરિક-સાધનાનો જ ભાગ છે.

**ક્રમશઃ**

# બાળ-વિભાગ

## ધીરજનાં ફળ મીઠાં

(સાભાર - સુંદરકથાઓ પેજ- ૮)
- માન

અરબસ્થાનનો રણપ્રદેશ. ચાંદની રાતની ગુલાબી ટાઢ. રેતીમાં બેઠો બેઠો કવિ અલ કોસઈ શેર-શાયરી બનાવી રહ્યો હતો. ગણગણતો જાય અને લખતો જાય, કોઈ વખત તારાઓ તરફ આકાશમાં મીટ માંડે, માથું હલાવે, ફરી લખે.

આમને આમ મધરાત થઈ. ટાઢ વધી. અલકોસઈ ઉભો થઈ પોતાની રાવટીમાં આવ્યો અને શાંતિથી સુઈ ગયો.

બીજે દિવસે ખોરાક શોધવા રણમાં નિકળી પડયો. તેને એક જગ્યાએ નાબાનું ઝાડ દેખાયું. સુંદર ડાળીઓ, ઘટાદાર ઝાડ, ત્યાં પાણીનું ઓએસીસ હતું. તેને વિચાર આવ્યો આ નાબાની ડાળીમાંથી સુંદર ધનુષ-બાણ બનાવું. તેણે ડાળી તોડી સાથે લીધી. શિકાર કરેલું એક સસલું સાથે લીધું. તે માંસાહારી હતો. ઘેરે આવીને જમ્યો. થાક્યો પાક્યો સુઈ ગયો. ઢળતા પહોરે તેણે પેલી ડાળીમાંથી ધનુષબાણ બનાવ્યાં. વિચાર કર્યો. ''રાત્રે અજમાવી જોઉં''

ઓએસીસ પાસેના કાળમીંઢ પથ્થર પાછળ છૂપાઈ ગયો. ઓએસીસની સામે બાજુએ પણ એક ખડક હતો. તેની પાસે તેણે પ્રાણીઓનાં પગલાં જોએલાં. લગભગ ગધેડાંનાંજ હતાં.

મધરાત વીતી. ત્યાં તેને ધીમો અવાજ સંભળાયો. તેણે કાન સરવાં કર્યાં. ધનુષ-બાણ ઉપાડી તાકીને પાસે આવવાની વાટ જોવા લાગ્યો. આઠદસ પ્રાણી પેલા ખડકની પાસેથી પસાર થતા હોય એમ લાગ્યું. પણછ ખેંચી, અવાજની દિશા નક્કી કરીને બાણ છોડયું.... સનનનન....

પણ બાણ ખડકને અફળાવાનો અવાજ આવ્યો. ફરી અવાજ આવ્યો. બીજું બાણ છોડયું, તે પણ ખડક સાથે અફળાયું. ત્રીજું... પછી ચોથું.... છેલ્લે પાંચમું.... બધાં જ ખડક સાથે અફળાતાં હતાં.

તે નિરાશ થયો. તેને પોતાની ઉપર જ ક્રોધ ચડયો. બબડયો, ''મારું તો આમ જ થાય છે.'' તેણે ગુસ્સામાંને ગુસ્સામાં ધનુષ અને બાકીનાં બાણો તોડી નાંખ્યા. પગ પછાડતો ઘેરે આવ્યો. ભૂખ્યોને તરસ્યો પથારીમાં પડયો. પણ ઉંઘ



ન આવી. સવાર સુધી પડખાં ઘસતો રહ્યો. અલ્લાને કોસતો રહ્યો.

સવાર થઈ, ફરી ખોરાકની શોધમાં નિકળ્યો. રાતની જગ્યાએ જ આવ્યો, જોયું તો ત્યાં પાંચ જંગલી ગધેડા વિંધાઈને પડયાં હતાં. બાણ તેમના શરીરમાંથી સોસરવા નિકળી સામેના ખડક સાથે અથડાઈને નીચે પડેલાં દેખાયાં.

અલકોસઈ ત્યાં જ બેસી ગયો. પ્રાર્થના કરતાં બોલ્યો, ''હે પરવરદિગાર, મને ક્ષમા કર. મેં તારી કૃપા ઉપર શંકા કરી. મને માફ કરી દે. તેં તો મને મદદ કરી હતી. મારા ગુસ્સાએ જ મને છેતર્યો. મેં મારા ધનુષબાણ ખોયાં. ભૂખ્યો રહ્યો. બધું પેલા ગુસ્સાના પાપે''

મમ્મીએ વાર્તા પુરી કરી. બોલ્યા, ''બેટા, ભગવાન આપણને મદદ કરતાં જ હોય છે. પણ આપણે શ્રદ્ધા રાખવી જોઈએ. સબુરી કેળવવી જોઈએ. બેટા, ધીરજના ફળ મીઠાં જ હોય છે. તેથી ઉલટું. ગુસ્સો આપણને નુકસાન કરે છે. જોને ગુસ્સાને કારણે તેણે ધનુષ-બાણ ગુમાવ્યા અને રાતની ઉંઘ પણ. ભર પેટ અન્ન પણ ગુમાવ્યું.''

'' મમ્મી, હું ભગવાન ઉપર શ્રદ્ધા રાખીશ. ધીરજ રાખીશ. તો ભગવાન મને મદદ કરશે ને?''

'' હા બેટા, જરૂર. તેવું પ્રભુનું વચન છે.''

''પ્રોમીસ''

''પ્રોમીસ,'' કહી મમ્મીએ વચન આપ્યું.

**મા વરદાયિની, દે અમને વરદાન**

રજત મહોત્સવમાં અમે પણ શ્રી સુંદરમ્‌ને શ્રી માએ આપેલા વરદાનની અભીપ્સા કરીએ છીએ.

પચ્ચીસે પૂર્ણ તું તારો આપજે યોગ વિશ્વને

**છાબડે છાબડાં પૂરી**
**રૂપની નદીઓ ભરી,**
**ને તારી કરૂણા કેરી**
**વાદળી વ્યોમમાં ધરી**

શ્રી માતાજીનાં સાંનિધ્યમાં - ભાગ - ૧ તા.૨૫.૧.૮૨